
CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 18


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 57, Dt. 04-07-2026 (SATURDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789


## 48 કલાક જોખમ; 11 જિલ્લાઓમાં પૂરનું ગંભીર સંકટ

# ‘પાણીદાર’ ગુજરાત ચાર દિવસ ‘ભારેખમ’!

### દરિયાકાંઠે હાઈ એલર્ટ, 5 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા આદેશ; 3 નંબરનું સિગ્નલ બાદ દરિયામાં હાઈટાઈટ સ્થિતિ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસાની સિસ્ટમ બરાબરની સક્રિય થઈ ગઈ છે. હવામાન વિભાગ (IMD) દ્વારા રાજ્યના નાગરિકો અને વહીવટી તંત્ર માટે આગામી ૭ દિવસ અત્યંત સતર્ક રહેવાની કડક સૂચના જારી કરવામાં આવી છે. બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં સર્જાયેલા મજબૂત સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે સમગ્ર ગુજરાતમાં આગામી એક અઠવાડિયા સુધી સાર્વત્રિક લો-પ્રેશર સક્રિય રહેશે, જેને પગલે ગાજવીજ અને પ્રચંડ પવન સાથે મુશળધાર વરસાદ વરસે તેવી પૂરેપૂરી સંભાવના છે.

આજે દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી અને ભરૂચ જિલ્લામાં અત્યંત





ભારે વરસાદ થવાની શક્યતા છે. ખાસ કરીને સુરત શહેર અને માંગરોળ પંથકમાં ’અતિભારે’ વરસાદનું એલર્ટ હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

સૌરાષ્ટ્ર અને તેને અડીને આવેલા દીવ પંથકમાં પણ કુદરતનો પ્રકોપ જોવા મળી શકે છે. રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ અને દેવભૂમિ દ્વારકામાં અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વાતાવરણ પલટાતા દરિયામાં જોરદાર કરંટ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વરસાદ દરમિયાન ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાશે.

દરિયામાં સર્જાયેલા ભારે ડિપ્રેશન અને તેજ પવનને કારણે માછીમારોની સુરક્ષા માટે આગામી ૫ દિવસ સુધી દરિયો ન ખેડવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. બંદરો પર ભયસૂચક સિગ્નલો લગાવી દેવામાં આવ્યા છે.બીજી તરફ, મધ્ય અને ઉત્તર ગુજરાતના અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પણ ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની ચેતવણી છે.

### ગિર પંથકમાં સમગ્ર સિઝનનો 100% વરસાદ

## દ્વારકા-સોમનાથ હાઈ-વે ધોવાતા વાહન વ્યવહાર બંધ

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદના તાંડવ વચ્ચે દ્વારકા-સોમનાથ હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. માંગરોળ તાલુકાના હુસેનાબાદ પાસે નોળી નદી પર આવેલો બ્રિજ ભારે પૂરના કારણે ધોવાઈ ગયો છે. આ ઉપરાંત માંગરોળના અનેક ગામો સંપર્ક વિહોણા છે. નવસારીના ગણદેવી તાલુકામાંથી પસાર થતી અને ઉપરવાસમાં ભારે વરસાદના કારણે બંને કાંઠે વહેતી અંબિકા નદીના પુલ ઉપર અમલસાડ તરફ અચાનક મોટું ગાબડું અને તિરાડો દેખાતાં વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. ઘટનાની ગંભીરતાને પગલે માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને પુલ પરનો રોડ તોડીને યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.



**વેરાવળ–પોરબંદર હાઈવેનો કોઝવે તૂટતા 18 ST ફસાઈ**

### નદીઓ ગાંડીતૂર : ઉભા પાક તણાયા

## માંગરોળ-કેશોદમાં 40 ઈંચ વરસાદ

જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને કેશોદ પંથકમાં કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા ૩ દિવસથી સતત ધોધમાર વરસેલા વરસાદને કારણે સમગ્ર પંથક જળબંબાકાર થયું છે અને સ્થાનિક જનજીવન પર તેની વ્યાપક અને ગંભીર અસરો જોવા મળી રહી છે. વરસાદે વિરામ લીધા બાદ પણ પૂરના ધસમસતા પાણી હજુ સુધી ઓસર્યા નથી, જેના કારણે ગ્રામ્ય વિસ્તારો સહિતના અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. પંથકની નદીઓ ગાંડીતૂર બનીને વહી રહી છે, જેના કારણે ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે અને ખેડૂતોનો ઊભો પાક સંપૂર્ણપણે તણાઈ જતાં ભારે નુકસાન થયું છે. ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.




**માળિયા હાટિનામાં 11 ઈંચ ત્રણ દિવસમાં 29 ઈંચ : ભાખરવડ ડેમ ઓવરફ્લો**

### કાલાવડ રોડનું ચોંકાવનારૂં દ્રશ્ય : લોકો સ્તબ્ધ

# રાજકોટમાં કપડાં વગર (નગ્ન) સ્કૂટર સવારી







વીડિયો જોવા અહીં ક્લિક કરો.



# રાજકોટનો દાગીનો

## ■ માનસિકતા કે યૂવાન ઉતાવળમાં કપડાં પહેરવાનું ભૂલી ગયો

## ■ આ વ્યક્તિ વિકૃત આનંદ માણવા લટાર મારવા નિકળ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના કાલાવડ રોડ ઉપરથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક વ્યક્તિ નગ્ન હાલતમાં મોટરસાયકલ ચલાવતો જોવા મળે છે. વ્યસ્ત માર્ગ પર આ પ્રકારની ઘટના સામે આવતા સ્થાનિકોમાં આશ્ચર્ય અને ચિંતા ફેલાઈ છે.

માહિતી મુજબ, આ વ્યક્તિ જાહેર માર્ગ પર નગ્ન અવસ્થામાં બાઈક લઈને નીકળ્યો હતો અને કેટલાક સમય સુધી રસ્તા પર ફરતો રહ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થતાં એક વાહનચાલકે તેનો વીડિયો બનાવી લીધો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

વિડિયો વાયરલ થતા લોકોમાં અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. પ્રાથમિક ચર્ચા મુજબ, નગ્ન હાલતમાં દેખાતો આ વ્યક્તિ માનસિક રીતે અસ્થિર હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે આ બાબતે સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ પણ સતર્ક બની છે અને સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ શંકાસ્પદ ઘટના અંગે તરત જાણ કરવા અપીલ કરી છે.

## શિક્ષણ કે ધંધો: ડમી એડમિશનથી વાલીઓ ઉપર ડબલ બોજ

# રાજકોટની Allen Academyમાં ડમી એડમિશનનો ખેલ ?




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સહિત ગુજરાતના અનેક શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કાર્યરત કેટલીક ખાનગી કોચિંગ સંસ્થાઓમાં *ડમી એડમિશન*ની પ્રથા ફરી ચર્ચામાં આવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓના જણાવ્યા મુજબ, કેટલીક કોચિંગ સંસ્થાઓ પાસે ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ ચલાવવાની શાળા તરીકે માન્યતા ન હોવા છતાં તેઓ વિદ્યાર્થીઓને પોતાના કોચિંગમાં સંપૂર્ણ સમય અભ્યાસ કરાવે છે, જ્યારે બોર્ડની ઔપચારિક પ્રક્રિયા માટે અન્ય ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે.

રાજકોટમાં કાર્યરત Allen Academy અંગે પણ આવા આક્ષેપો સામે આવ્યા છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, સંસ્થા દ્વારા કેટલીક ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે અને તે ઉપરાંત કોચિંગની અલગથી લાખો રૂપિયાની ફી લેવામાં આવે છે. વાલીઓનો આક્ષેપ છે કે એક જ વિદ્યાર્થીના શિક્ષણ માટે તેમને કોચિંગ અને શાળા બંને જગ્યાએ અલગ-




અલગ મોટી રકમ ચૂકવવી પડે છે, જેના કારણે શિક્ષણનો ખર્ચ સામાન્ય પરિવાર માટે અસહ્ય બની જાય છે.જો કોઈ વિદ્યાર્થી માત્ર હાજરી પૂરતી જ શાળામાં નોંધાયેલ હોય અને વાસ્તવિક અભ્યાસ સંપૂર્ણપણે અન્યત્ર કરતો હોય, તો તે શિક્ષણ વ્યવસ્થાની ભાવના વિરુદ્ધ ગણાય છે. જો આવી પ્રથા ચાલી રહી હોય તો સંબંધિત શાળાઓ અને સંસ્થાઓની ભૂમિકા અંગે શિક્ષણ વિભાગે ગંભીરતાથી તપાસ કરવી જરૂરી બને છે.ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર-૨૦૨૫માં ગુજરાત સરકારે ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસો માટે નિયમનકારી કાયદો લાવવાની જાહેરાત કરી હતી. તે માટે ખાસ સમિતિ રચવાની પણ જાહેરાત થઈ હતી, પરંતુ હજુ સુધી આ મુદ્દે કોઈ સ્પષ્ટ નિયમો અમલમાં આવ્યા નથી. પરિણામે કોચિંગ ક્ષેત્રમાં અનેક પ્રશ્નો આજે પણ યથાવત્ હોવાનું જણાઈ રહ્યું છે.જો તપાસ દરમિયાન એવું સામે આવે કે કોઈ શાળા માત્ર કાગળ પર વિદ્યાર્થીઓના પ્રવેશ આપી નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે, તો શિક્ષણ વિભાગે નિયમો મુજબ કાર્યવાહી કરવી જોઈએ. સાથે જ, રાજ્ય સરકારે કોચિંગ સંસ્થાઓ માટે જાહેર કરેલા નિયમનને ઝડપથી અમલમાં મૂકી વાલીઓ અને વિદ્યાર્થીઓના આર્થિક તથા શૈક્ષણિક હિતોની સુરક્ષા કરવી જરૂરી છે. આ મામલે સત્ય શું છે તે સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. પરંતુ ઉઠેલા પ્રશ્નો એટલા ગંભીર છે કે રાજ્યના શિક્ષણ વિભાગે સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરીને હકીકતો જનતા સમક્ષ મૂકવી સમયની માંગ બની છે.

### રાજકોટ સિવિલ હોસ્પિટલનો કદરૂપો ચહેરો

# ધારાસભ્યો, સાંસદ જોવો આ છે આપણું રાજકોટ !

## અર્ધબેભાન દર્દીને સારવારના બદલે ટીંગાટોળી કરી રોડ ઉપર ફેંકી દીધો









**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર વિવાદમાં આવી છે. તંત્રની ઘોર બેદરકારી અને ભારે સંવેદનહીનતાનો એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેણે સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી દીધી છે. હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયેલા એક અત્યંત અશક્ત અને અર્ધબેભાન દર્દીને માનવતા નેવે મૂકીને હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફે ટીંગાટોળી કરી બહાર રોડ પર ફેંકી દીધો હતો. આ અમાનવીય કૃત્યને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જો કે, આ બાબત સિવિલ સર્જનના ધ્યાને આવતા તેમણે તાત્કાલિક પગલાં ભરી દર્દીને ફરી દાખલ કરાવ્યો હતો અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.મળતી વિગતો અનુસાર, સુરેન્દ્રનગર જિલ્લાના રાજચરાડી ગામેથી ૨ જુલાઈના રોજ વહેલી સવારે ૧.૪૫ વાગ્યે ગણેશ રામલાલ કટારા નામનો 30 વર્ષનો યુવાન ઝેરી દવાની અસર થવાના કારણે અત્યંત ગંભીર હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી તે દરમિયાન ૩ જુલાઈએ સવારે આ યુવાન અર્ધબેભાન અવસ્થામાં પોતાના વોર્ડમાંથી બહાર નીકળી ગયો હતો. રાતભર આ દર્દી OPDની બહાર જ જમીન પર સૂતેલો રહ્યો હતો, પરંતુ હોસ્પિટલના રાઉન્ડ પર રહેલા સ્ટાફમાંથી કોઈની પણ નજર આ અસહાય દર્દી પર પડી ન હતી. ઝેરી દવાની તીવ્ર અસરના કારણે દર્દી પોતાની શુદ્ધબુદ્ધ ગુમાવી બેઠો હતો અને ઓપીડી વોર્ડની બહારના કમ્પાઉન્ડમાં કણસતી હાલતમાં પડ્યો હતો. તેને જોઈને તેને તાત્કાલિક વોર્ડમાં લઈ જઈને સારવાર આપવાની પવિત્ર ફરજના બદલે હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફે ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી હતી.

## સિક્યુરિટી સ્ટાફે દારૂડિયો ગણી દર્દીને રોડ પર ફેંકી દીધો

સિક્યુરિટીના માણસોએ આ ગંભીર દર્દીને 'દારૂડિયો' ગણાવી દીધો હતો અને સવારે ૭ વાગ્યાની આસપાસ કમ્પાઉન્ડમાં સૂતેલા શ્રમિક યુવાનની નિર્દયતાપૂર્વક ટીંગાટોળી કરી હતી. સ્ટાફે આ અર્ધબેભાન શ્રમિકને હોસ્પિટલની બિલકુલ સામે આવેલી SBI બેંકના ગેટ નજીક ફૂટપાથ પર મરવા માટે ફેંકી દીધો હતો. આટલું મોટું પાપ કર્યા પછી પણ સિક્યુરિટી સ્ટાફ જાણે કંઈ જ બન્યું ન હોય તેમ ત્યાંથી રવાના થઈ ગયો હતો.

## નેતાઓને પ્રજાની કોઈ પડી નથી એટલે જ સિવિલ હોસ્પિટલમાં ક્રુરતા ચરમસીમાએ: સિવિલમાં સેવાના નામે શરમજનક હરકત !

### જાગૃતિ નાગરિકે અધિક્ષકનું ધ્યાન દોર્યું

આ હૃદયદ્રાવક અને શરમજનક ઘટના સવારે ત્યાંથી પસાર થતા અનેક નાગરિકોએ નજરે નિહાળી હતી. જ્યારે કેટલાક લોકોએ સિક્યુરિટી સ્ટાફને પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે સ્ટાફે આ દર્દી નશાની હાલતમાં હોવાનું કહીને વાતને હસવામાં ઉડાવી દીધી હતી. જોકે, સવારે જ્યારે સિવિલ સર્જન ડો. મોનાલી માકડીયા હોસ્પિટલના રૂટિન રાઉન્ડમાં નીકળ્યા, ત્યારે કોઈ જાગૃત નાગરિકે આ સમગ્ર અમાનવીય ઘટના અંગે તેમનું ધ્યાન દોર્યું હતું. ઘટનાની ગંભીરતા સમજીને ડો. મોનાલી માકડીયાએ તાત્કાલિક સ્થળ ઉપર હાજર સિક્યુરિટી સ્ટાફ અને અન્ય કર્મચારીઓનો ભારે ઉધડો લીધો હતો અને તેમને ખૂબ જ ખખડાવી નાખ્યા હતા. તેમણે તાત્કાલિક રોડની ફૂટપાથ પર કણસતા દર્દીને ઈમરજન્સી વોર્ડમાં ખસેડી ફરીથી સારવાર શરૂ કરાવી હતી. આ બાબત મારા ધ્યાનમાં આવતા તરત જ દર્દીને ફરી દાખલ કરી સારવાર શરૂ કરાવી દેવામાં આવી છે.


તસવીરઃ અક્ષય ગોંડલિયા

**પ્રી-મોન્સૂનની તૈયારી પૂરી હતી તો પછી શહેરની આવી તસવીરો કેમ જોવા મળી રહી છે**

# ચોમાસામાં મહાપાલિકા કામગીરીમાં વ્યસ્ત ખોદકામ હજુ ચાલુ !





## આ ખાડામાં વરસાદમાં કોઈ પડશે તો સુરક્ષા કોના ભરોસે?

**આહિર ચોક-ઢેબર રોડ સહિત અડધા રાજકોટમાં ખાડા-ખોદી કામગીરી શરૂ : બે ઈંચ વરસાદમાં 'મોત'ના ખાડા તૈયાર થશે**





દોઢ ઈંચ વરસાદમાં રસ્તાઓ ધોવાઈ ગયા

માધવ આશ્રય સોસાયટી, સાધુ વાસવાણી કુંજ રોડ

### મનપાની બેદરકારી : વાહન ચાલકોમાં ભારે રોષ

# રાજકોટમાં આ તો હજુ ટ્રેલર છે





ગોકુલ નગર મેઈન રોડ ફોરચ્યુન હોટલ સામે



ઈશ્વરિયા મહાદેવ પાર્ક માધાપર

રાજકોટ મનપા દ્વારા સ્માર્ટ સિટીનાં મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ ચોમાસાની શરૂઆતમાં જ આ દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે. શહેરમાં માત્ર ૧.૫ ઈંચ જેટલો સામાન્ય વરસાદ પડતાની સાથે જ અનેક વિસ્તારોમાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ બિસ્માર બન્યા છે. ખાસ કરીને વિરાણી અઘાટ, વોર્ડ નંબર ૧૮ અને કોઠારીયા વિસ્તારના મુખ્ય માર્ગો પર જાણે રસ્તામાં ખાડા નહીં પરંતુ ખાડામાં રસ્તો હોય તેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. મનપાના ભ્રષ્ટાચાર અને પ્રી-મોન્સૂન કામગીરીના અભાવને કારણે સ્થાનિક જનતા અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ અંગે સ્થાનિકોએ જણાવ્યું કે, સરકાર ટેક્સ વસુલ કરે છે પણ સુવિધા આપતી નથી !



ગંજીવાડા મેઈન રોડ વોર્ડ નં. 15

## લોકશાહીમાં સવાલ પૂછવો અધિકાર: માયાભાઈ સામે લોકોમાં રોષ

# માયાભાઈ આહિરના બે ચહેરા: પ્રજાને પ્રશ્નો પૂછવાનો અધિકાર નથી!




## ડાયરામાં કહ્યું; અમુક લોકો સરકારી કચેરીમાં મોબાઈલ કાઢી વીડિયો ઉતારી બોલે છે ટેક્સના પૈસા અમારા છે તમારા બાપુજી કેમ ટેક્સ ભરતા હોય !

## માયાભાઈ આહિરને કિર્તીદાન ગઢવીએ પણ સાથ પૂરાવ્યો

## માયાભાઈ પ્રજા જોવો ક્યા પ્રકારનો ટેક્સ ભરે છે

- ઈન્કમ ટેક્સ તમારી આવક પર
- કોર્પોરેટ ટેક્સ  કંપનીઓના નફા પર
- કેપિટલ ગેઈન ટેક્સ  પ્રોપર્ટી/શેર વેચાણના નફા પર
- પ્રોફેશનલ ટેક્સ  કેટલીક રાજ્યોમાં નોકરી/વ્યવસાય પર

  આડકતરા ટેક્સ (Indirect Taxes)

  આ ટેક્સ વસ્તુઓ/સેવા ખરીદતી વખતે આપોઆપ ભરાય છે.
- GST (Goods & Services Tax)  લગભગ દરેક વસ્તુ અને સર્વિસ પર
- એક્સાઈઝ ડ્યૂટી  પેટ્રોલ-ડીઝલ જેવી વસ્તુઓ પર
- કસ્ટમ ડ્યૂટી  વિદેશથી આવતી વસ્તુઓ પર
- વેટ ખાસ કરીને ઈંધણ/દારૂ પર (રાજ્ય મુજબ)

  રોજિંદા જીવનમાં લાગતા અન્ય ટેક્સ તમે કદાચ ધ્યાન પણ ન આપતા હો, પણ આ પણ ટેક્સ જ છે:
- પેટ્રોલ/ડીઝલ પર ભારે ટેક્સ મોબાઈલ રિચાર્જ અને ઈન્ટરનેટ બિલ પર GST
- વીજળી બિલમાં ટેક્સ/ડ્યૂટી
- રેસ્ટોરન્ટ બિલમાં GST
- ઘર/જમીન પર પ્રોપર્ટી ટેક્સ
- વાહન ખરીદતી વખતે રોડ ટેક્સ
- ટોલ ટેક્સ (હાઈવે પર)

## એક વ્યક્તિએ પત્ર લખી માયાભાઈનો વિરોધ કર્યો !

સુરતના એક ડાયરામાં માયાભાઈ આહિરે સરકારી કચેરીઓમાં ચાલતી ગેરરીતિઓનો સોશિયલ મીડિયા પર લાઈવ કરતા જાગૃત નાગરિકોની જે રીતે મજાક ઉડાવી, તે અત્યંત દુખદ અને નિરાશાજનક છે.

માયાભાઈ સહિત દરેક લોકપ્રિય કલાકારે યાદ રાખવું જોઈએ કે તેમને આ સ્થાન સુધી કોઈ સરકાર કે સત્તાધીશોએ નહીં, પરંતુ સામાન્ય જનતાએ પહોંચાડ્યા છે. જનતાના પ્રેમ અને આશીર્વાદથી જ તેઓ આજે આટલા મોટા કલાકાર બન્યા છે.

જ્યારે ખેડૂતો લાંબા સમય સુધી પોતાના હક્ક માટે રસ્તા પર હતા, ત્યારે આવા જ કલાકારોમાંથી કેટલાએ ખુલ્લેઆમ ખેડૂતોના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો હતો? સત્તાને સવાલ પૂછવાનો સમય આવે ત્યારે મૌન અને જાગૃત નાગરિકોને ઉપદેશ આપવાનો સમય આવે ત્યારે વાણી પ્રગટે --  આ દ્વિધોરણ કેમ?

અને હા, સામાન્ય નાગરિક સવારથી રાત સુધી સીધા કે આડકતરા રીતે ટેક્સ જ ચૂકવે છે. પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ, GST, વીજળી, મોબાઈલ, વાહન, મિલકત અને રોજિંદી જરૂરિયાતની અનેક વસ્તુઓ પર ટેક્સ ચૂકવતો નાગરિક જો સરકારી કચેરીમાં ગેરરીતિ દેખાય તો વીડિયો પણ બનાવશે, લાઈવ પણ કરશે અને સવાલ પણ પૂછશે.

સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ જનતાની સેવા માટે છે, જનતા તેમના પર ઉપકાર લેતી નથી. જાહેર નાણાંથી ચાલતી વ્યવસ્થામાં પારદર્શિતા માંગવી દરેક નાગરિકનો બંધારણીય અને લોકશાહી અધિકાર છે.

સામાન્ય લોકો કોઈ મંત્રી કે મોટા ઉદ્યોગપતિઓના આશીર્વાદથી જીવતા નથી. તેઓ પોતાના પરિશ્રમથી કમાય છે અને પોતાના ટેક્સના પૈસે ચાલતી વ્યવસ્થાને જવાબદાર બનાવવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે.

જાગૃત નાગરિકો પ્રશ્નો પૂછતા રહેશે, વીડિયો પણ બનાવતા રહેશે અને સત્ય સામે લાવતા રહેશે. લોકશાહીમાં સવાલ પૂછવો ગુનો નથી, પરંતુ નાગરિકની જવાબદારી છે.

લી.
એક જાગૃત નાગરિક

### રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે રાજકોટમાં નેતાઓએ દિવાળી જેવો માહોલ સર્જયો હતો

# રામના નામે રાજકારણ કે સાચી શ્રદ્ધાઃ અયોધ્યા મુદ્દે નેતાઓ મૌન કેમ ?

## રાજકોટમાં પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી પ્રસંગે મીઠાઈઓ વહેંચાઈ, કાર્યક્રમો યોજાયા, રાજકીય નેતાઓ આગળ રહી જય શ્રી રામના નારા લગાવ્યા પણ અયોધ્યામાં ચોરી ત્યારે કેમ બોલતા નથી !

**નેતાઓએ નક્કી કરવું પડશે કે તેઓ માત્ર પ્રસંગોપાત ભક્તિ બતાવશે કે સાચા અર્થમાં રામના આદર્શોને અનુસરશે**

~~જન કી બાત~~



દિલ કી બાત | અનિરૂદ્ધ નકુમ



રામના નામે રાજકારણ કે સાચી શ્રદ્ધા? અયોધ્યા મુદ્દે મૌન કેમ અને રાજકોટના નેતાઓ ક્યાં છે? અયોધ્યામાં રામ મંદિર સાથે જોડાયેલા દાન અને પારદર્શિતાના મુદ્દે ઉઠેલા પ્રશ્નો હવે દેશભરમાં ચર્ચાનો વિષય બની રહ્યા છે. વિવિધ સ્તરે આક્ષેપો અને શંકાઓ સામે આવી રહી છે, પરંતુ સૌથી ચોંકાવનારું છે  મૌન. આ મૌન માત્ર સામાન્ય લોકોનું નથી, પરંતુ તે નેતાઓનું પણ છે, જે રોજબરોજ નાના મુદ્દાઓ પર પણ પ્રેસ નોટ મોકલવામાં આગળ હોય છે.જ્યારે રામલલાના પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે સમગ્ર દેશમાં દિવાળીસમાન માહોલ સર્જાયો હતો, ત્યારે દરેક વર્ગના લોકો આગળ આવ્યા હતા. રાજકોટ સહિતના શહેરોમાં મોટા પાચે ઉજવણી થઈ, મીઠાઈઓ વહેંચાઇ, કાર્યક્રમો યોજાયા અને રાજકીય આગેવાનો પણ આગળ રહીને પોતાની હાજરી નોંધાવતા હતા. તે સમય શ્રદ્ધા અને ભાવનાનો હતો.પરંતુ આજે, જ્યારે મંદિર સાથે જોડાયેલા દાનના મુદ્દે પ્રશ્નો ઉઠી રહ્યા છે, ત્યારે એ જ નેતાઓ ક્યાં છે? સામાન્ય બાબતો માટે પ્રેસ નોટ મોકલતા રાજકોટના ઘણા નેતાઓ આજે ચૂપ કેમ છે? શું આ મૌન માત્ર રાજકીય સુવિધા માટે છે? કે પછી સત્ય સામે આવવાથી કોઈ ડર છે?સમાજમાં ચર્ચા એ પણ છે કે શું આ બધું માત્ર મત મેળવવા માટેનું પ્રદર્શન હતું? શું ભગવાન રામના નામનો ઉપયોગ રાજકીય લાભ માટે થયો? આવા પ્રશ્નો હવે ખુલ્લેઆમ પૂછાઈ રહ્યા છે. ભગવાન રામ કોઈ એક પક્ષ કે વિચારધારાના નથી  તેઓ સમગ્ર સમાજના આસ્થાનું પ્રતિક છે. તેથી તેમના નામે જોડાયેલા દરેક કાર્યમાં પારદર્શિતા હોવી જ જોઈએ. જો આક્ષેપો ખોટા હોય, તો સ્પષ્ટતા કરવી જોઈએ. જો ગેરરીતિ થઈ હોય, તો નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.પરંતુ મૌનથી માત્ર શંકા વધે છે. મૌનથી વિશ્વાસ તૂટે છે. અને સૌથી મોટી વાત  મૌનથી શ્રદ્ધા પર પ્રશ્નચિહ્ન ઊભું થાય છે.આજનો સમય સત્ય બોલવાનો છે, જવાબદારી લેવાનો છે. નેતાઓએ નક્કી કરવું પડશે કે તેઓ માત્ર પ્રસંગોપાત શ્રદ્ધા બતાવશે કે સાચા અર્થમાં રામના આદર્શો  સત્ય અને ન્યાય ને અનુસરશે.અંતે પ્રશ્ન એક જ છેઃ શું રામના નામે રાજકારણ થશે કે રામના આદર્શો મુજબ પારદર્શિતા?

## ભગવાન રામ કોઈ રાજકીય લાભ માટેનું સાધન નથી તેઓ સત્ય, ન્યાય અને આદર્શોના પ્રતિક છે તેથી તેમના નામે જોડાયેલા દરેક કાર્યમાં જવાબદારી અને પારદર્શિતા અનિવાર્ય છે

## આસ્થા સાથે ખીલવાડ: દ્વારકા શંકરાચાર્યએ આરોપ લગાવ્યા

# ખોટા લોકોના હાથમાં અયોધ્યા ધર્મ નહીં, ટૂરિઝમ !

» સરકારને મંદિર સંચાલનનો અધિકાર નથી

» મંદિરોનું સંચાલન કરવા સનાતન બોર્ડ રચો

» ધર્મની આડમાં સંપત્તિ એકઠી કરવી અયોગ્ય

**સિટી ન્યૂઝ@દ્વારકા**

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરી મામલે ભક્તોમાં તો રોષ અને નારાજગી છે જ. હવે દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ પણ આ મુદ્દે ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, પ્રભુ રામના ચરણોમાં ચઢાવાયેલા દાનમાં હેરાફેરી એ માત્ર આર્થિક ગુનો નથી પણ કરોડો ભક્તોની આસ્થા સાથે વિશ્વાસઘાત છે. ધર્મ અને શાસ્ત્રોના જ્ઞાનથી વંચિત સરકારો ક્યારેય મંદિરોનું યોગ્ય સંચાલન ન કરી શકે. સરકારો મંદિરોને તપસ્યા ભૂમિ નહીં પણ પર્યટન કેન્દ્રો સમજે છે, જે સ્વીકારી ન શકાય. નાના કર્મચારીઓને બલીનો બકરો બનાવી મોટા માથાઓને બચાવવાના પ્રયાસો સામે તેમણે ચેતવણી આપી. શંકરાચાર્યએ સમગ્ર દાનનો હિસાબ આપતું શ્વેતપત્ર બહાર પાડવાની અને સરકારી દખલ રોકીને મંદિરોના સંચાલન માટે સનાતન બોર્ડની રચના કરવાની માગ કરી છે.ભગવાનને આપેલું દાન દૈવી સંપત્તિ બની જાય છે. જો ખરેખર ચોરી થઇ હોય તો આ ફક્ત આર્થિક ગુનો નથી પણ ભગવાન શ્રી રામ અને લાખો ભક્તોની શ્રદ્ધા સાથે વિશ્વાસઘાત છે. નિષ્પક્ષ અને નિર્ભયતાથી તપાસ થવી જોઇએ. અયોધ્યામાં જે થયું છે તેનાથી લોકો દુખી છે. આ ઘટનાનો અર્થ એ છે કે સરકાર પાસે ન તો શાસ્ત્રોનું જ્ઞાન છે કે ન તો અનુભવી અધિકારીઓ છે. સરકારનું કામ લોકોને સુવિધાઓ પૂરી પાડવાનું છે, ધાર્મિક વિધિઓ કરવાનું નથી.લોકો અયોધ્યા,



દ્વારકા, બદ્રીનાથ, તિરૂપતિ જેવા ધર્મસ્થળોને ઋષિ મુનિઓની તપોભૂમિ માને છે. સરકાર, નેતાઓ અને તંત્ર આને પર્યટન સ્થળ માને છે. જેથી તેમનામાં ધાર્મિક ભાવના જાગતી નથી. અયોગ્ય લોકોને કામ સોંપવાથી એ જ પરિણામ મળે છે જે અયોધ્યામાં મળ્યું, આ વાત સમજી લેવી જોઇએ.સરકાર પાસે મંદિર સંચાલનનો નૈતિક અધિકાર નથી. કોઇ મસ્જિદ, ચર્ચ કે ગુરૂદ્વારામાં સરકારનો હસ્તક્ષેપ નથી. ફક્ત હિન્દુઓના ધર્મસ્થાનોમાં જ સરકારનો હસ્તક્ષેપ છે. મંદિર આવા શાસનથી મુક્ત હોવા જોઇએ.સનાતન ધર્મમાં મંદિરને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. તેના પર કોઈ વ્યક્તિનો કોઈ અધિકાર નથી. તેથી દેવ ધામમાં જે થયું તે ચોરી જ નહીં પણ એક ગંભીર ધાર્મિક ગુનો પણ છે. પ્રશ્ન એ ઊભો થાય છે અયોધ્યા જેવી ધાર્મિક નગરીમાં ભગવાન શ્રી રામના પવિત્ર જન્મસ્થળે આવું કેવી રીતે શક્ય થયું? આ તો ચંદનના જંગલમાં રહેતા ઝેરી સાપ જેવું છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે જે વ્યક્તિ લોભથી દેવતાઓની સંપત્તિ ચોરી કરે છે તે ગંભીર પાપનો દોષી છે. તેથી જો ભગવાન રામના ચરણોમાં ચઢાવવામાં આવતા દાનમાં છેતરપિંડી કરવામાં આવી હોય તો તે લાખો ભક્તોની શ્રદ્ધા પર પણ હુમલો છે.કોઈ પણ વ્યક્તિ કે સંગઠન પર પુરાવા વિના આરોપ લગાવવો અયોગ્ય છે. જો કે ફક્ત નીચલા સ્તરના વ્યક્તિઓ સામે જ કાર્યવાહી થાય અને મોટા લોકોને સવાલ ન પૂછાય તો સ્વાભાવિક રીતે જ ન્યાય વ્યવસ્થામાં સમાજનો વિશ્વાસ ડગમગવા લાગે છે.મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં સત્ય નથી ત્યાં કોઈ ધર્મ નથી એટલે મારી એકમાત્ર અપેક્ષા એ છે કે આ મામલાની તપાસ કોઇ પદ, પ્રભાવ, પ્રતિષ્ઠા અથવા રાજકીય દબાણથી પ્રભાવિત ન હોવી જોઈએ. નિર્દોષનું રક્ષણ થવું જોઈએ અને દોષિત ભલે ગમે તેટલો પ્રભાવશાળી હોય તેને કોર્ટ સમક્ષ જવાબદાર ઠેરવવો જોઈએ. આ ભગવાન શ્રીરામની ગરિમાને અનુરૂપ પણ છે.હું ટ્રસ્ટને કહીશ કે પારદર્શિતાને તમારી તાકાત બનાવો, બોજ નહીં. સત્યને છુપાવવાથી નહીં પરંતુ તેને જાહેર કરવાથી પ્રતિષ્ઠા વધે છે.હું સરકારને કહીશ કે આ ફક્ત કાયદાનો વિષય નથી, પરંતુ લાખો લોકો માટે શ્રદ્ધાનો વિષય પણ છે. તેથી ન્યાય સંપૂર્ણપણે નિષ્પક્ષ, ઝડપી અને નિર્ભય હોવો જોઈએ.



### હજુ તપાસ ચાલુ થાય તે પહેલાં જ સમિતિના અધ્યક્ષ બદલાયા

# દાળમાં કંઈક કાળું છે

# કાજુકતરી કાંડમાં શંકા ગાઢ !

## હવે PGVCLના એમ.ડી.ના નેજા હેઠળ તપાસ થશે

**સિટી ન્યૂઝે પહેલાં જ કહ્યું આ લોકો તપાસ કેમ કરશે ?**



સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 02 | 01 JULY 2026, WEDNESDAY

મહાપાલિકાના કમિશનર કોને બચાવી રહ્યા છે ?

જે અધિકારી કૌભાંડની તપાસ કરે છે તેઓ ત્યારે ઈન્ચાર્જ હતા સાંસ્કૃતિક વિભાગના !

2023થી 2025 સુધીમાં ડેપ્યુટી કમીશનર સી.કે.નંદાણી, ડેપ્યુટી કમીશનર હર્ષદ પટેલ અને ભરત કાથરોટીયા આ સમયમાં સાંસ્કૃતિક વિભાગમાં ઈન્ચાર્જની ભૂમિકામાં હતા

તસવીરઃ અક્ષય ગોંડલિયા

આ છે મનપાની પારદર્શિતા ?

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના ડિમોલિશન બિલ કૌભાંડને લઈને બનેલી તપાસ કમિટી હવે પોતે જ સવાલોના ઘેરામાં આવી ગઈ છે. કૌભાંડની તપાસ માટે જે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, તેમની ભૂમિકા જ હવે શંકાસ્પદ બની રહી છે. તપાસ કમિટીમાં સામેલ ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ અને ભરત કાથરોટીયાહ્રી ત્રણેય અધિકારીઓ ૨૦૨૩થી ૨૦૨૬ની શરૂઆત સુધી સાંસ્કૃતિક વિકાસ વિભાગમાં સહાયક કમિશનર તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, જે વિભાગના બિલ અને ટેન્ડર પ્રક્રિયાની તપાસ સોંપાઈ છે, એ જ વિભાગમાં આ અધિકારીઓ અગાઉ ઈન્ચાર્જ રહી ચૂક્યા છે. જેઓ નિર્ણયમાં હતા, એ જ હવે તપાસમાં! ૨૦૨૩માં ફાઈનલ થયેલા ટેન્ડર અને તેના આધારે થયેલા બિલોની મંજૂરી તે સમયે લગત સહાયક કમિશનર, નાયબ કમિશનર અને કમિશનર સ્તરે થઈ હતી.હવે એ જ ચેઇનમાં રહેલા અધિકારીઓને તપાસ સોંપાતા મોટો સવાલ ઊભો થાય છે. શું તેઓ નિષ્પક્ષ તપાસ કરી શકશે? શું આ ઇન્કવાયરી માત્ર ઔપચારિકતા બની રહેશે? આ સમગ્ર મામલે હાલના ચાર્જમાં રહેલા અધિકારીઓની કોઈ સીધી ભૂમિકા નથી, કારણ કે ટેન્ડર અને બિલોની પ્રક્રિયા વર્ષ ૨૦૨૩માં જ પૂર્ણ થઈ ગઈ હતી. છતાં તપાસ જૂના જ અધિકારીઓને સોંપાતા પારદર્શિતાને લઈને પ્રશ્નો વધી રહ્યા છે.વિપક્ષ અને શહેરના જાગૃત નાગરિકોમાં ચર્ચા છે કે "જેઓના સમયમાં આ કૌભાંડ થયું, એ જ અધિકારીઓ હવે તેની તપાસ કરશે તો સત્ય બહાર આવશે કે દબાઈ જશે?" આ સમગ્ર મુદ્દે હવે સ્વતંત્ર અને નિષ્પક્ષ એજન્સી દ્વારા તપાસ કરવાની માંગ જોર પકડી રહી છે. લોકોમાં માન્યતા છે કે, જો પારદર્શિતા જાળવવી હોય તો કમિટીની પુનરચના જરૂરી બની શકે.મોટા સવાલો એ છે કે શું તપાસ કમિટી નિષ્પક્ષ છે? શું આ માત્ર ફોર્મેલિટી બની રહેશે? સાચા જવાબદાર સામે આવશે કે મામલો દબાઈ જશે? હવે નજર છે કે મહાપાલિકા કમિશનર આ વધતા સવાલો વચ્ચે શું નિર્ણય લે છે.

**ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ અને ઈન્ચાર્જ સહાયક કાથરોટિયા BAPSના હરિભક્ત : એટલે પ્રેમવતી રેસ્ટોરન્ટ પર પ્રેમ વરસાવ્યો**

BAPS ની સંસ્થા પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી આ વખતે તો ૨૦ લાખનું બિલ બન્યું હતું અગાઉ કેટલી વાર મંગાવવામાં આવ્યું તે કોઈને ખ્યાલ નહીં હોય કારણ કે ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ અને ભરત કાથરોટિયા સ્વામિનારાયણના પ્રખર સત્સંગી છે અને તેઓ મંદિરના હરિભક્ત પણ છે તે ઉપરાંત બન્ને અધિકારીઓના DP માં સ્વામીનારાયણ ભગવાનના ફોટા પણ છે એટલે જ કદાચ પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી દર વખતે રોકડામાં જમવાનું મંગાવવામાં આવી રહ્યું છે.કોઈ પણ લોકો કોઈ પણ ધર્મ પાડી શકે અમને કોઈ વાંધો નથી પણ દર વખતે premvti જ કેમ અન્ય સંસ્થાઓ પણ શુદ્ધ અને સસ્તું jamanu મળી શકે?

સિટી ન્યૂઝ@રાજકોટ

કાજુકતરી કાંડની તપાસ શરૂ થાય તે પહેલા જ સમિતિના અધ્યક્ષને બદલાવવાની ફરજ મ્યુનિસિપલ કમિશનરને પડી છે. હવે પારદર્શક તપાસના નામે ડેપ્યુટી કમિશનર નંદાણીને હટાવીને પીજીવીસીએલના એમડી જોશીને અધ્યક્ષ બનાવાયા છે. બીજી બાજુ કેટલા દિવસમાં રિપોર્ટ તૈયાર કરીને સોંપવો તે અંગે મગનું નામ મરી પડાયું નથી. ત્યારે આ તપાસ હવે ક્યારે પૂરી થશે તે કહેવું હાલના તબક્કે વહેલાસરનું ગણાશે. જંગલેશ્વર ડિમોલીશનમાં ૩ કરોડથી પણ વધુનો ખર્ચો થયો હોવાની વિગતો બહાર આવી રહી છે. જેમાં અધિકારીઓ દ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાનું પ્રાથમિક તબક્કે સ્પષ્ટ થયું છે. ફૂડ સપ્લાયનું રૂા. ૨૭.૨૦ લાખનું બીલ સ્ટેન્ડિંગ કમિટિએ નામંજુર કર્યું છે. જેમાં એવું કારણ આપવામાં આવ્યું હતુ કે, ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના જ ખર્ચ કરવામાં આવ્યો હોવાના કારણે ફૂડસપ્લાયનો ખર્ચ મંજુર કરવામાં આવશે નહીં. જેને લઈને ભારે વિવાદ જાગ્યો હતો. રાજ્ય સરકારમાંથી પણ કડક સુચનાઆપવામાં આવી હતી જેના પગલે મેયર ડો. નેહલ શુકલે તલસ્પર્શી તપાસ માટે એક કમિટિની



રચના કરવા માટે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો હતો. જેના ભાગરૂપે તાત્કાલીક અસરથી મ્યુનિસિપલ કમિશનર તુપાર સુમેરા દ્વારા પાંચસભ્યોનીતપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. જેના અધ્યક્ષ તરીકે ડીએમસી ચેતન નંદાણીને નિયુક્ત કરાયા હતા. જ્યારે તપાસ સમિતિના સભ્યોમાં ડીએમસી હર્ષદ પટેલ ઉપરાંત ચીફ એકાઉન્ટેન્ટ અમિત સવજીયાણી, એએમસી ભરત કાથરોટિયા અને ઈસ્ટઝોનના ઈન્ચાર્જ સીટી એન્જિનિયર પરેશ અઢિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સમિતિની રચનામા બધા જ ઘરના છે તેથી તટસ્થ તપાસ થશે કે કેમ તે અંગે દિવ્યભાસ્કરે અહેવાલ પ્રસિદ્ધ કરતા મ્યુનિસિપલ કિમશનર તુષાર સુમેરાએ ચાલુ તપાસે કમિતિના અધ્યક્ષને બદલાવી નાખ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

## નાક બચાવવા નંદાણીને છઠ્ઠા સભ્ય તરીકે યથાવત રાખ્યા

કાજુકતરી, ખજૂર રોલ અને ૮ રૂપિયા વાળુ પાણી કેટલાક કૌભાંડિયાઓ ખાઈ અને પી ગયાની સ્ટેન્ડિંગમાં દરખાસ્ત આવી ત્યારથી જ મનપાના કેટલાક ટોચના અધિકારીઓ અને કેટલાક બાહુબલી નેતાઓ આ કારસ્તાનને ઊગતું ડામી દેવા માટે મેદાને પડ્યા હતા. બીજી બાજુ મ્યુનિસિપલ કમિશનરે બધું જ ઓપનલી કરવામાં આવશે તેવું જાહેર કરીને તપાસ સમિતિ રચી દીધી. નંદાણીને અધ્યક્ષ બનાવાયા, જો કે, હવે પારદર્શકતાના નામે તેઓને હટાવીને છઠ્ઠા સભ્ય તરીકે સમાવાયા છે. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, નંદાણીના નેજા હેઠળ પારદર્શક તપાસ નહોતી થવાની?

## નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરના ટ્રસ્ટીઓ વિરુધ્ધ વધુ એક રજુઆત

# નાગેશ્વર જમીનકાંડ ટ્રસ્ટ બરખાસ્તની માંગ

## સરકારી જમીન પર 41 વર્ષથી કબ્જો: 21 કબ્જેદારો સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરવા ગાંધીનગરમાં લેખિતમાં રજૂઆત



**સિટી ન્યૂઝ@દ્વારકા**

નાગેશ્વર ગામની સર્વે નં. ૧૧૬, ૧૨૩, ૧૨૪ ની સરકારી જમીન પર છેલ્લા ૪૦ વર્ષથી ગેરકાયદેસર કબ્જો કરીને ખાનગી ટ્રસ્ટ ચલાવવામાં આવી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. આ અંગે કાયદા વિભાગ, ચેરિટી લીગલ ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર ખાતે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ મુદ્દે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવા તા. ૨૯.૧૧.૨૦૨૫ ના રોજ અરજી નં. ૪૨૭૦૧૨૫૦૦૦૪૬૫૩ થી ફરિયાદ કરવામાં આવેલ છે. સાથે જ દ્વારકાના પ્રાંત અધિકારીએ તા. ૦૮.૦૧.૨૦૨૬ ના કરેલ કરેલ હુકમમાં આ વિવાદિત જગ્યા સરકારી જગ્યા હોવાનું ફલિત થયુ છે.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રાજકોટ અને અમદાબાદના ચેરિટી કમિશનર કચેરીના અધિકારીઓએ આ ટ્રસ્ટને એકતરફી ઓર્ડર આપીને મદદ કરી છે. જેનાં કારણે સરકારને કરોડોનો નુકસાન થયું છે.

ફરિયાદીએ તા. ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ રજૂઆત કરીને માંગ કરી છે કે સંયુક્ત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૪૧ હેઠળ હાલના ટ્રસ્ટી મંડળને તાત્કાલિક અસરથી બરખાસ્ત કરવામાં આવે. સોમનાથ અને અંબાજી મંદિરની જેમ નાગેશ્વર મંદિરનો વહીવટ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સરકારી સમિતિને સોંપવામાં આવે.

આ સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસ કરીને દોષિતો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. ફરીયાદી પરેશભારથી કેશુભારથી ગોસાઈ દ્વારા ફરિયાદ સાથે અરજીની નકલ, નોટિસની નકલ, ૮/૧૨ ની નકલ અને અન્ય પુરાવાઓ પણ જોડવામાં આવ્યા છે. આમ હવે આ મામલો ફરી વખત ગરમાતા નવાજૂનીનાં એંધાણ જોવા મળી રહ્યા છે.

ફરિયાદ મુજબ કરોડો રૂપિયાની કિંમત ધરાવતી સરકારી જમીન પર A-૨૩ નંબરનું ખાનગી ટ્રસ્ટ છેલ્લા ૪૦ વર્ષથી ચલાવવામાં આવે છે.

- ગિરધરભારથી લીલાભારથી ગોસ્વામિ
- જ્યોત્સનાબેન જી. ગોસ્વામિ
- મહેન્દ્રભારથી લીલાભારથી ગોસ્વામિ
- શૈલેષભારથી લીલાભારથી ગોસ્વામિ
- રેખાબેન એમ. ગોસ્વામિ
- ભૂમિબેન એમ. ગોસ્વામિ
- આરતીબેન એમ. ગોસ્વામિ
- કિરણબેન એમ. ગોસ્વામિ
- અશ્વિનીબેન એસ. ગોસ્વામિ
- પ્રિયંકાબેન એસ. ગોસ્વામિ
- પૂર્વિબેન એસ. ગોસ્વામિ
- અંકિતાબેન એસ. ગોસ્વામિ
- નિલેષભારથી એન. ગોસ્વામિ
- રેખાબેન એન. ગોસ્વામિ
- જયશ્રીબેન એન. ગોસ્વામિ
- નેહાબેન એન. ગોસ્વામિ
- નિકિતાબેન એન. ગોસ્વામિ
- ચંદનભારથી એન. ગોસ્વામિ
- નેહાબેન સી. ગોસ્વામિ
- નિકિતાબેન સી. ગોસ્વામિ
- ધારાબેન સી. ગોસ્વામિ

આ ૨૧ લોકોએ સરકારી જમીન પર ખાનગી ટ્રસ્ટ વડે ગેરકાયદે કબ્જો કર્યો હોવાનો આરોપ લાગ્યો છે.

### હકાભા ગઢવીનો વિસ્ફોટક દાવો

# ખેડૂત આંદોલન સમેટવા નિલેશ એરવાડિયાએ 25 કરોડ માંગ્યાનો આરોપ

## હકાભાએ કહ્યું; ખેડૂત અને આંદોલનની સમિતિના અન્ય સભ્યો નિર્દોષ આરોપો માત્ર નિલેશ એરવાડિયા સામે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હાસ્ય કલાકાર હકાભા ગઢવીએ આજે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ખેડૂત આંદોલન અને તેના નેતૃત્વને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે દાવો કર્યો કે તેઓ કોઈ રાજકીય સ્વાર્થથી નહીં પરંતુ ખેડૂતોના હિત માટે આંદોલન સાથે જોડાયા હતા. તેમણે જણાવ્યું કે ૨૧ જૂનના રોજ નિલેશ એરવાડીયાના આમંત્રણ પર ડાયરામાં હાજરી આપી હતી અને ત્યારબાદ ખેડૂતોની લાગણીને ધ્યાનમાં રાખીને બીજા દિવસે પણ આંદોલન સ્થળે પહોંચ્યા હતા. હકાભા ગઢવીએ જણાવ્યું કે તેમના પર કેટલાક લોકોએ ભાજપ સાથે જોડાયેલા



હોવાના આક્ષેપ કર્યા હતા. જોકે, આંદોલનને નુકસાન ન થાય તે માટે તેમણે પોતાને થોડા સમય માટે દૂર રાખ્યા હતા. તેમના કહેવા મુજબ, બાદમાં નિલેશ એરવાડીયાએ તેમને વારંવાર આંદોલન સ્થળે ન આવવા જણાવ્યું હતું. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન હકાભા ગઢવીએ સૌથી ગંભીર આક્ષેપ કરતાં કહ્યું કે સરકાર સાથે બેઠક માટે નિલેશ એરવાડીયાએ ૨૫ કરોડની માંગણી કરી હતી અને તેમાં ૨ કરોડ એડવાન્સ આપવાની પણ વાત કરી હતી. તેમણે એવો પણ દાવો કર્યો કે તેમને વ્યક્તિગત રીતે ૧ કરોડ આપવાની ઓફર કરવામાં આવી હતી. આ વાત સાંભળ્યા બાદ આખી રાત ઊંઘ ન આવી હોવાનું તેમણે જણાવ્યું.હકાભા ગઢવીના જણાવ્યા મુજબ, સમગ્ર ઘટનાના પુરાવા એકત્ર કરવા માટે તેમણે નિલેશ એરવાડીયાને વોટ્સએપ કોલ કર્યો હતો, જેનું રેકોર્ડિંગ તેમના પુત્રએ કર્યું હતું. તેમના દાવા અનુસાર, આ રેકોર્ડિંગમાં સરકાર સાથે મુલાકાત પહેલાં ૨ કરોડ લેવાની વાતચીત સંભળાય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ખેડૂતો અને આંદોલનની સમિતિના અન્ય સભ્યો નિર્દોષ છે અને તેમના આક્ષેપો માત્ર નિલેશ એરવાડીયા સામે છે. હકાભા ગઢવીએ એવો પણ દાવો કર્યો કે આંદોલન બગડી ન જાય તે માટે અત્યાર સુધી તેઓ મૌન રહ્યા હતા.પરંતુ સરકારે નિર્ણય જાહેર કર્યા બાદ હવે સત્ય લોકો સમક્ષ મૂકવાનો નિર્ણય લીધો છે. પ્રેસ કોન્ફરન્સના અંતે હકાભા ગઢવીએ પોતાના અને પરિવારની સુરક્ષા માટે રાજ્ય સરકાર પાસે સુરક્ષા આપવાની માંગ કરી હતી. સાથે જ ખેડૂતોને અપીલ કરી હતી કે ભવિષ્યમાં કોઈને આગેવાન બનાવતા પહેલાં તેની વિશ્વસનીયતા અને કાર્યપદ્ધતિની સારી રીતે ચકાસણી કરવી જોઈએ.

## ખેડૂતોએ નિલેશ એરવાડિયાને આંદોલન છાવણીમાંથી હટાવ્યા !

### જેતપર 2 કરોડ વાયરલ ઓડિયો વિવાદ

## નિલેશ એરવાડિયાએ કરી FSL ટેસ્ટની માંગ



મોરબીના જેતપર ગામે વીજ પોલના વળતર મુદ્દે ચાલતા ખેડૂત આંદોલનમાં ૨ કરોડના કથિત સોદાની ઓડિયો ક્લિપ વાયરલ થયા બાદ વિવાદે ભયંકર રૂપ ધારણ કર્યું છે. લોક સાહિત્યકાર હકાભા ગઢવી દ્વારા કરાયેલા ગંભીર આક્ષેપો સામે હવે ઉપવાસ છાવણી પર બેઠેલા આગેવાન નિલેશ એરવાડિયાએ મૌન તોડ્યું છે અને તંત્ર સામે મોટી માંગણી મૂકી છે.સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી કથિત ઓડિયો ક્લિપ, જેમાં હકાભા ગઢવી અને નિલેશ એરવાડિયા વાતચીત કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, તેને લઈને હવે નિલેશ એરવાડિયાએ ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેમણે માંગ કરી છે કે આ વાયરલ ઓડિયો ક્લિપને તાત્કાલિક FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) માં ટેસ્ટ માટે મોકલવામાં આવે, જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે. અગાઉ હકાભા ગઢવીએ આક્ષેપ કર્યો હતો કે તેમને ઉપવાસ છાવણી પર આવતા રોકવામાં આવ્યા હતા, જે બાદ ૨ કરોડના કથિત સોદાની ક્લિપ બહાર આવી હતી. આ વિવાદને પગલે હળવદમાં હકાભા ગઢવીના નિવાસસ્થાને પોલીસનો કડક પહેરો ગોઠવી દેવાયો છે.

### ડર્મેટોલોજીથી કોસ્મેટોલોજી સુધીનો ગંદો ધંધો!

# ડોક્ટરો અને દવા કંપનીઓની સાંઠગાંઠનો કાળો કારોબાર !






## ત્વચાના નિષ્ણાંત ડોક્ટરો અને કોસ્મેટોલોજીની આંધળી દોટ, ફાર્મા કંપનીઓની વિદેશી ટૂરની લાલચ અને દર્દીઓનું થતું આર્થિક-શારીરિક શોષણ




### કાળો કારોબારના કડવા સત્ય

- દર્દીઓને મોંઘી દવાઓ લખાવવાનો આક્ષેપ
- ફાર્મા કંપનીઓની વિદેશ ટૂરની લાલચ
- કોસ્મેટિક સારવારના વધતા ખર્ચ
- જરૂરી ન હોય તેવી ટ્રીટમેન્ટની ભલામણ
- દર્દીઓનું આર્થિક અને શારીરિક શોષણ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પહેલાના સમયમાં લોકો ચામડીના ગંભીર રોગો (જેમ કે સોરાયસીસ, એક્ઝિમા, રક્તપિત્ત) ની સારવાર માટે ડર્મેટોલોજિસ્ટ પાસે જતા. પરંતુ આજે  સાદા ચામડીના રોગની દવામાં ડૉક્ટરને માત્ર સામાન્ય કન્સલ્ટિંગ ફી મળે છે. જ્યારે ગ્લોઈંગ સ્કીન, એન્ટી-એજિંગ, બોટોક્સ, ફિલર્સ, લેઝર ટ્રીટમેન્ટ અને હેર ટ્રાન્સપ્લાન્ટ જેવા કોસ્મેટિક પ્રોસિજરમાં હજારો અને લાખો રૂપિયાની કમાણી થાય છે. ઈન્સ્ટાગ્રામ અને રીલ્સના જમાનામાં ફિલ્ટર જેવો ચહેરો મેળવવા યુવાનો મોટી રકમ ખર્ચવા તૈયાર છે, જેનો ડૉક્ટરો વ્યાપારી લાભ ઉઠાવી રહ્યા છે.આ મેડિકલ માફિયા જેવી સાઠગાંઠ પાછળ મલ્ટીનેશનલ કોસ્મેટિક અને ફાર્માસ્યુટિકલ કંપનીઓનો મોટો હાથ છે. તેઓ ડૉક્ટરોને પોતાના પ્યાદા બનાવે છે. કંપનીઓ ડૉક્ટર્સને મોંઘી સ્કીન ક્રીમ, સિરમ અને લોશન વેચવાના માસિક કે વાર્ષિક ટાર્ગેટ આપે છે. ડૉક્ટરો દર્દીને જરૂર ન હોય તો પણ માત્ર ટાર્ગેટ પૂરો કરવા આવી મોંઘી પ્રોડક્ટ્સ પધરાવી દે છે.જે ડૉક્ટર ટાર્ગેટ પૂરોકરે, તેમને મેડિકલ સેમિનાર કે કોન્ફરન્સના બહાને દુબઈ, યુરોપ કે બેંગકોક જેવા દેશોના ફ્રી ફોરેન પેકેજ (ટૂર) આપવામાં આવે છે. તેમના રહેવા-ખાવા અને ફરવાનો તમામ ખર્ચ કંપની ભોગવે છે. ડૉક્ટરની નામના વધારવા માટે મોટા મેગેઝીન કે અખબારોમાં આર્ટિકલ્સ સ્પોન્સર કરવા, મોંઘા મેડિકલ ઈક્વિપમેન્ટ્સ (લેઝર મશીનો) ડિસ્કાઉન્ટ કે ફ્રી ટ્રાયલમાં આપવા જેવી પ્રવૃત્તિઓ થાય છે.

## GMCની કાર્યવાહીઃ લાયસન્સ સસ્પેન્ડ

તમે જે ઉલ્લેખ કર્યો તે મુજબ, ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC) અને નેશનલ મેડિકલ કમિશન (NMC) ના કડક નિયમો (Ethics Regulations) નું ઉલ્લંઘન કરવા બદલ તાજેતરમાં ઘણા ડૉક્ટરો સામે પગલાં લેવાયા છે નૈતિકતા નેવે મૂકીને કંપનીઓ પાસેથી ગિફ્ટો અને વિદેશ પ્રવાસ સ્વીકારનારા ડૉક્ટરોના લાયસન્સ ચોક્કસ મુદત માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી એ સાબિત કરે છે કે મેડિકલ ક્ષેત્રે 'કટ પ્રેક્ટિસ' અને 'ગેરકાયદેસર પ્રમોશન' કઈ હદે વકરી ગયું છે.

## કંપનીઓ પર કાર્યવાહી કેમ જરૂરી?

જો ડૉક્ટર ગુનેગાર છે, તો તેમને લાંચ આપનારી અને લાલચ આપનારી કોસ્મેટિક કંપનીઓ પણ એટલી જ કે તેનાથી વધુ ગુનેગાર છે.રાહક સુરક્ષા અને તબીબી નૈતિકતાના આધારે આવી કંપનીઓ પર નીચે મુજબની કડક કાર્યવાહી થવી અનિવાર્ય છે.

### દંડ અને બ્લેકલિસ્ટિંગ

જે કંપનીઓ ડૉક્ટર્સને લક્ઝરી ગિફ્ટ્સ કે ફોરેન ટૂર ઓફર કરે છે, તેમના લાયસન્સ રદ થવા જોઈએ અથવા કરોડો રૂપિયાનો દંડ થવો જોઈએ.

### મોનોપોલી અને કિંમતો પર અંકુશ

કોસ્મેટિક પ્રોડક્ટ્સની પ્રોડક્શન કોસ્ટ (બનાવટ ખર્ચ) ખૂબ ઓછી હોય છે, પરંતુ તેના પર ૫૦૦% થી ૧૦૦૦% જેટલો નફો ચડાવીને વેચવામાં આવે છે, જેથી ડૉક્ટરોને મોટું કમિશન આપી શકાય. આ કિંમતો પર સરકારી નિયંત્રણ હોવું જરૂરી છે.

### માર્કેટિંગ એથિક્સનું કડક પાલન

ફાર્મા કંપનીઓ માટે બનાવેલા માર્કેટિંગ કોડનું પાલન કોસ્મેટિક કંપનીઓ માટે પણ ફરજિયાત બનવું જોઈએ.



## રીલ્સ, પૈસા અને સસ્પેન્શન : પોલીસ કર્મીના રાજીનામા પાછળનું સત્ય

# પોલીસ કર્મચારીએ સોશિયલ મીડિયા માટે છોડી નોકરી

## પગાર 40 હજાર હતો, હવે 6 લાખની કમાણી : ચુનિફોર્મ છોડીને રીલ્સની દુનિયામાં એન્ટ્રી

- **MPના કોન્સ્ટેબલ વિવેકાનંદ તિવારીના ફેસબૂક, યૂ-ટ્યૂબ અને ઈન્સ્ટાગ્રામ પર 18.8 મિલિયન ફોલોઅર્સ**
- **3 જૂને ગેરહાજરી દરમિયાન સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરવાના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવતા પોલીસ સેવામાંથી રાજીનામું આપી દીધું**

**સિટી ન્યૂઝ@ભોપાલ**

સસ્પેન્ડ કરાયેલા શહડોલ પોલીસ હેડ કોન્સ્ટેબલ વિવેકાનંદ તિવારી સોશિયલ મીડિયા પર એક લોકપ્રિય વ્યક્તિ છે. ફેસબુક, યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ પર તેમના લગભગ ૧૮.૮ મિલિયન ફોલોઅર્સ છે. તેમને ૩ જૂને ફરજ પરથી ગેરહાજર રહેવા અને તેમની ગેરહાજરી દરમિયાન સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કરવાના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ, ૧૫ જૂનના રોજ, તેમણે પોલીસ સેવામાંથી રાજીનામું આપી દીધું, જોકે વિભાગે હજુ સુધી તેને સ્વીકાર્યું નથી અને આ મામલાની તપાસ ચાલુ છે. સોશિયલ મીડિયામાંથી તિવારીની સંભવિત કમાણી હેડ કોન્સ્ટેબલના પગાર કરતાં અનેક ગણી હોવાનું કહેવાય છે.

તેમણે રાજીનામું આપવાનું કારણ નકારી કાઢ્યું. તેમણે કહ્યું કે સસ્પેન્શન પછી માનસિક તણાવને કારણે તેમણે આ નિર્ણય લીધો છે. ચાલો સંપૂર્ણ વાર્તા શોધીએ. વિભાગનો આરોપ છે કે વિવેકાનંદ તિવારી યુનિફોર્મમાં વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાંથી વ્યક્તિગત નાણાકીય લાભ કમાતા હતા અને સમાંતર આવકનો સ્ત્રોત વિકસાવ્યો હતો.

યુટ્યુબ અને ફેસબુકથી સંભવિત કમાણીનો અંદાજ લગાવતી વેબસાઈટ્સના આધારે, તેમની વાર્ષિક આવક આશરે ૮ કરોડ (આશરે ૮૦ મિલિયન) હોવાનો અંદાજ છે. આ અંદાજિત માસિક આવક ૬૦૦,૦૦૦ થી ૭૦૦,૦૦૦ (આશરે ૬૦૦,૦૦૦ થી ૭૦૦,૦૦૦) હોઈ શકે છે. વિભાગીય તપાસમાં આ સંભવિત આવકની પણ તપાસ કરવામાં આવી રહી છે.

સ્પષ્ટતાઃ તેમણે આ આવકના દાવાઓને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કર્યા. તેમનો દાવો છે કે તેમની વાસ્તવિક આવક ઘણી ઓછી છે. તેમના મતે, તમામ સોશિયલ મીડિયા ચેનલો તેમની પત્નીના નામે છે. તેમણે તેમના અને તેમની પત્નીના બેંક ખાતાઓની સંપૂર્ણ વિગતો વિભાગને સુપરત કરી છે. તેમનો દાવો છે કે તપાસ એજન્સી પાસે દરેક વ્યવહારનો રેકોર્ડ છે અને તેઓ તપાસમાં સંપૂર્ણ સહયોગ કરશે.

વિભાગનો આરોપ છે કે વિવેકાનંદ તિવારી ઘણી વખત સમયસર ફરજ પર હાજર થયા ન હતા અને પરવાનગી વિના ગેરહાજર રહ્યા હતા. આના આધારે, શહડોલ પોલીસ અધિક્ષકે તેમને સસ્પેન્ડ કર્યા. વિભાગના જણાવ્યા અનુસાર, ફરજ પરથી ગેરહાજર રહેલા દિવસો દરમિયાન તેમના ગણવેશમાંના વીડિયો તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર અપલોડ કરવામાં આવી રહ્યા હતા.

તેમનો ખુલાસોઃ તેમણે જણાવ્યું હતું કે તેઓ તબીબી કટોકટીના કારણે રજા પર હતા અને તેમણે ટ્રાફિક પોલીસને આ અંગે સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાં જાણ કરી હતી. તેથી, તેમને સૂચના આપ્યા વિના ગેરહાજર માનવું ખોટું છે.

પોલીસ મુખ્યાલયે પહેલાથી જ સૂચનાઓ જારી કરી છે કે કોઈપણ પોલીસ અધિકારીએ યુનિફોર્મમાં રીલ્સ અથવા ટૂંકા વીડિયો બનાવવા જોઈએ નહીં જે વિભાગની ગરિમા સાથે ચેડા કરે. ઉલ્લંઘન દંડને પાત્ર છે. વિભાગનો આરોપ છે કે વિવેકાનંદ ફરજ પર હોય ત્યારે સોશિયલ મીડિયા માટે વ્યક્તિગત વીડિયો બનાવતા હતા. એવો પણ આરોપ છે કે તેણે વિડીયો શૂટિંગ માટે અંગત સ્ટાફ અને વિડીયોગ્રાફરો રાખ્યા હતા અને કોમર્શિયલ હેતુઓ માટે સામગ્રી તૈયાર કરી હતી.



વિવેકાનંદ તિવારી
હેડ કોન્સ્ટેબલ (ટ્રાફિક)

### સોશિયલ મીડિયા પર 1.88 કરોડ ફોલોઅર્સ

૨૦૨૨થી સોશિયલ મીડિયા પર સક્રિય છે. માર્ગ સુરક્ષા, ટ્રાફિક નિયમો અને પોલીસ વ્યવસ્થા અંગે વીડિયો બનાવે છે.

**YouTube**

- ૯૦ લાખ ફોલોઅર્સ
- ૫૫૦ કરોડ વ્યૂઝ

**Facebook**

- ૬૫ લાખ ફોલોઅર્સ

**Instagram**

- ૩૩ લાખ ફોલોઅર્સ

### ચેનલોમાંથી અંદાજિત વાર્ષિક આવક 8.63 કરોડ

**ચેનલ 1**

- Traffic Rules with Vivekanand Tiwari
- અંદાજિત આવક
- $૨.૫૭ લાખ = ૨.૪૫ કરોડ/વર્ષ

**ચેનલ 2**


- Vivekanand Tiwari The Traffic Cop
- અંદાજિત આવક
- $૬.૪૯ લાખ = ૬.૧૮ કરોડ/વર્ષ
- ૧ યુએસ ડોલર = ૯૫.૨

**નોંધઃ વાસ્તવિક આવક આ અંદાજથી અલગ હોઈ શકે છે.**

# હત્યારી પત્નીઓ; પતિઓના ખૂની કિસ્સાઓમાં વધારો

### ચોંકાવનારું કાંડ : આગ્રાની ઘટના, 45 દિવસ પછી ખૂલાસો

## પત્નીએ પતિને મારી બાથરૂમમાં દફનાવ્યો: ત્યાં જ ન્હાતી હતી




સિટી ન્યૂઝ@આગ્રા

આગ્રામાં પત્નીએ પતિની હત્યા કરીને મૃતદેહને ઘરના બાથરૂમમાં દાટી દીધો. ઉપરથી ફ્લોરિંગ કરાવી દીધું અને તે જ બાથરૂમનો રોજ ઉપયોગ કરતી રહી. ૪૫ દિવસ સુધી પોલીસ અને ઘરના સભ્યોને ગેરમાર્ગે દોર્યા. તપાસ દરમિયાન મહિલા પોલીસ સાથે CCTV ફૂટેજ જોતી રહી અને રડવાનો ઢોંગ કરતી રહી. મહિલાના જેઠને તેના વર્તન પર શંકા ગઈ. તેણે મહિલાને કહ્યું કે જો કોઈ મુશ્કેલી હોય તો તે સાથ આપશે. આ પછી મહિલાએ ગુનો કબૂલી લીધો. પોલીસે તેના જણાવ્યા મુજબ બાથરૂમનો ફ્લોર તોડ્યો, જ્યાંથી માત્ર હાડપિંજર મળી આવ્યું. મહિલાએ પોલીસને જણાવ્યું કે પતિ દારૂ પીને મારપીટ કરતો હતો. તેથી તેણે ખીરમાં ૧૮થી વધુ ઊંઘની ગોળીઓ ભેળવીને પતિને ખવડાવી દીધી, જેનાથી તેનું મૃત્યુ થયું. આ પછી તેણે જેઠને ફોન કરીને રાજસ્થાનથી બોલાવ્યા અને બંને બાળકો અને સાસુને ઘરેથી મોકલી દીધા. પછી મૃતદેહને રૂમમાંથી ખેંચીને બાથરૂમમાં લઈ જઈને ખાડો ખોદીને દફનાવી દીધો.

**પતિએ કહ્યું મને મારતો હતો એટલે મારી નાંખ્યો**

ત્યારબાદ જેઠને જણાવ્યું કે પતિ તેની સાથે ઝઘડો કરીને ૫ હજાર રૂપિયા લઈને જતો રહ્યો છે. પછી તે પોતે પણ રાજસ્થાન જતી રહી. આઠ દિવસ પછી પાછી ફરીને તેણે મજૂરો બોલાવ્યા અને બાથરૂમનું ફ્લોરિંગ કરાવી દીધું. આગરામાં એક મહિલાએ પોતાના પતિની હત્યા કરી, પછી તેની લાશ ઘરના બાથરૂમમાં જ દફનાવી દીધી. કોઈને આ વાતની ખબર ન પડે તે માટે, બાથરૂમમાં લાશ ઉપર ટાઈલ્સ લગાવી દીધી. આરોપી મહિલાનું નામ રૂબી છે. ૪૫ દિવસ સુધી લોકોને કહેતી રહી કે પતિ ગુમ છે. શુક્રવારે જ્યારે પોલીસ વેરિફિકેશન કરવા પહોંચી, ત્યારે મહિલા ગભરાઈ ગઈ અને પૂછપરછમાં તેણે ગુનો કબૂલી લીધો.



### પૂણેની સિયા પછી હવે હરિયાણાની તન્નુ

## પત્નિ-પ્રેમીએ પતિને હત્યા કરી નહેરમાં લાશ ફેંકી

સિટી ન્યૂઝ@રેવાડી

હરિયાણાના રેવાડી પોલીસે એક એવા બ્લાઈંડ મર્ડર કેસમાં ખુલાસો કર્યો છે, જ્યાં એવું લાગતું જ નહોતું કે યુવકની હત્યા કરી નહેરમાં ફેંકી દીધો છે. શંકાના આધાર પર તપાસ કરી તો એવા ખુલાસા થયા કે બધાના હોશ ઉડી ગયા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, પત્નીએ પ્રેમી સાથે મળીને પોતાના પતિની હત્યા કરી નાખી હતી.

આપને જણાવી દઈએ કે, આઠ જૂનના રોજ જડથલના રહેવાસી રતનલાલે કસૌલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમનો ૨૧ વર્ષિય દીકરો મોનૂ ગુમ થયો છે.

પોલીસે કેસ નોંધી તપાસ શરુ કરી તો ૧૦ જૂનના રોજ પોલીસે આસલવાસ નહેરમાં એક યુવકની લાશ હોવાની જાણ થઈ. પોલીસ તરત ઘટનાસ્થળે પહોંચી લાશને બહાર કાઢી. જેની ઓળખ ગુમ થયેલા મોનૂ તરીકે થઈ. ઘટનાસ્થળે આવેલી એફએસએલની ટીમે મૃતકના શરીર પર પ્રાથમિક રીતે કોઈ ઈજાના નિશાન મળ્યા નહીં અને તેની સ્કૂટી પણ નહેરની નજીકથી મળી આવી.

પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરી પરિવારને સોંપી દીધી, પણ પરિવારની આશંકા પર પોલીસે ટેકનિકલી તપાસ શરુ કરી અને હત્યાનો ખુલાસો થઈ ગયો. ડીએસપી બાવલે જણાવ્યું કે, મૃતકના પરિવારે હત્યાની આશંકા વ્યક્ત કરતા પોલીસે આ મામલાને ગંભીરતાથી લીધો અને તરત આ કેસમાં હત્યાની કલમો લગાવી. ત્યાર બાદ પોલીસે ટેકનિકલ સર્વિલાંસના આધાર પર ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી. ટેકનિકલી તપાસ અને કડીઓને જોડ્યા બાદ પોલીસે ગુરુવારે આ હત્યાકાંડમાં સામેલ બે મુખ્ય આરોપીઓ, મૃતકની પત્ની તન્નુ અને હરિઓમની ધરપકડ કરી લીધી. પોલીસ પૂછપરછમાં જે સત્ય સામે આવ્યું, તેણે સૌને ચોંકાવી દીધા. તપાસમાં ખુલાસો થયો કે મૃતકની મોનૂની પત્ની તન્નુને એક સોનૂ નામના યુવક સાથે પ્રેમ પ્રસંગ હતો.

### હવે દિલ્હીની આલીશાની ચકચાર

## પતિએ પત્નિનો મોબાઈલ ચેક કરતા પતિનું ગળું દબાવી મારી નાંખ્યો



સિટી ન્યૂઝ@આગ્રા

શાહદરા જિલ્લાના જગતપુરી વિસ્તારમાં લગ્નેતર સંબંધ હોવાની શંકાના આધારે પતિ પોતાની પત્નીનો મોબાઈલ ચેક કરી રહ્યો હતો, જે બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ મોડી રાત્રે પત્નીએ દુપટ્ટા વડે પતિનું ગળું દબાવીને તેની હત્યા કરી દીધી હતી.

મૃતકની ઓળખ મુસ્તકીમ ઉર્ફે સાહિલ તરીકે થઈ છે. ઘટનાની માહિતી મળતાની સાથે જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે આરોપી પત્ની અલીશા (ઉંમર વર્ષ - ૨૦)ની ધરપકડ કરી લીધી છે. હત્યામાં ઉપયોગમાં લેવાયેલો દુપટ્ટો પણ પોલીસે જપ્ત કરી લીધો છે. દિલ્હી પોલીસએ હત્યાનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે.

શાહદરા જિલ્લાના ડીસીપી રાજેન્દ્ર પ્રસાદ મીણાએ જણાવ્યું કે, ૨ જુલાઈના રોજ વહેલી સવારે ૩:૫૨ વાગ્યે જગતપુરી પોલીસને પીસીઆર કોલ મળ્યો હતો. માહિતી આપવામાં આવી હતી કે રાશિદ માર્કેટ, દિલ્હીમાં એક મહિલાએ તેના પતિનું ગળું દબાવી દીધું છે. માહિતી મળતાની સાથે જ એએસઆઈ હેમંત પોલીસ સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં મુસ્તકીમ ઉર્ફે સાહિલ (૧૯) બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. તેને તાત્કાલિક ડો. હેડગેવાર હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. મુસ્તકીમની માતાની ફરિયાદના આધારે ૨ જુલાઈના રોજ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે દરોડો પાડીને અલીશાની એક ગુરુદ્વારામાંથી ધરપકડ કરી હતી. સતત પૂછપરછ બાદ તેણે હત્યામાં પોતાની સંલિપ્તતા સ્વીકારી લીધી હતી.

આરોપી મહિલાએ જણાવ્યું કે, તેના પતિને તેના પર લગ્નેતર સંબંધ હોવાની શંકા હતી. આ જ કારણે તેણે રાત્રે તેનો મોબાઈલ ફોન પોતાના કબજામાં લઈ લીધો અને તેમાં પુરાવા શોધવાનું શરૂ કર્યું. આ બાબતને લઈને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.



## UPમાં લગ્નની પહેલી રાતે બન્યો ચોંકાવનારો કિસ્સો

# ડરી ગયો પતિ...!



### સુહાગરાતે જ ધમકી : હાથ લગાવ્યો તો મર્ડર, પતિએ પત્નીને પ્રેમીને સોંપી...

**સિટી ન્યૂઝ@હાપુડ**

ઉત્તર પ્રદેશના હાપુડ જિલ્લામાં લગ્નજીવનનો એક અજીબોગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. અહીં લગ્ન બાદ સુહાગરાત પર જ નવવધૂએ પોતાના પતિને ધમકી આપી હતી કે જો તેણે તેને અડવાની કોશિશ કરી તો તે તેનું મર્ડર કરાવી દેશે. આ ધમકીથી ડરી ગયેલા પતિએ આખરે લગ્નના ત્રણ જ દિવસમાં પત્નીના પ્રેમીને બોલાવીને તેને સોંપી દીધી હતી.

મળતી માહિતી મુજબ, હાપુડના રહેવાસી એક યુવકના લગ્ન ૨૫ જૂન ૨૦૨૬ ના રોજ મેરઠની એક યુવતી સાથે થયા હતા. લગ્ન કરીને જ્યારે દુલ્હન સાસરે આવી ત્યારે આખો પરિવાર ખુશ હતો, પરંતુ અસલી ડ્રામા રાત્રે શરૂ થયો હતો. નવવધૂએ રૂમમાં પગ મૂકતાની સાથે જ પતિને સ્પષ્ટ કહી દીધું કે, "હું કોઈ બીજાની અમાનત છું અને મારા પર માત્ર તેનો જ હક છે. જો મને હાથ લગાવ્યો તો તારી હત્યા કરાવી દઈશ.

આ સાંભળીને વરરાજાના હોશ ઊડી ગયા હતા. એટલું જ નહીં, તે દુલ્હન લગ્ન બાદ પણ પરિવારના તમામ સભ્યોની સામે જ ફોન પર પોતાના પ્રેમી સાથે સતત વાતો કરતી હતી.

જ્યારે પીડિત પતિ અને તેના પરિવારે આ અંગે કન્યાના પક્ષના લોકોને ફોન પર જાણ કરી, ત્યારે તેમના તરફથી પણ કોઈ ખાસ સકારાત્મક પ્રતિક્રિયા મળી નહોતી. યુવતીના પરિવારે સાસરી પક્ષને કહી દીધું કે, "અમારી દીકરીને પાછી અહીં મૂકી જાવ." જોકે, યુવકના પરિવારે આ રીતે છોકરીને એકલી મોકલવાની ના પાડી દીધી હતી.


દુલ્હનની રોજ-રોજની ધમકીઓ અને તેના આક્રમક વલણથી કંટાળીને આખરે ૨૮ જૂનના રોજ (લગ્નના ત્રણ દિવસ પછી) પતિએ એક મોટો નિર્ણય લીધો. તેણે યુવતીના પ્રેમીને હાપુડ બોલાવ્યો અને પોતાની પત્નીને સહી-સલામત તેના પ્રેમી સાથે રવાના કરી દીધી.

યુવતી તેના પ્રેમી સાથે ચાલી ગયા બાદ, શુક્રવારે યુવક અને તેના પિતા મહિલા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે પોલીસને લેખિત ફરિયાદ આપીને સમગ્ર ઘટનાની વિગતવાર જાણ કરી હતી. વરરાજાના પિતાએ પોલીસ સમક્ષ ગુહાર લગાવી છે કે ભવિષ્યમાં આ મામલે તેમના પરિવાર સાથે કોઈ અનિચ્છનીય ઘટના કે કાનૂની મુશ્કેલી ન થાય, તે માટે આ બાબતને સત્તાવાર રેકોર્ડ પર લેવામાં આવે.

મહિલા પોલીસ સ્ટેશનના પ્રભારી અરુણા રાયે જણાવ્યું કે, યુવતી કોઈ અન્ય યુવકને પ્રેમ કરતી હતી, પરંતુ તેના પરિવારે તેની મરજી વિરુદ્ધ હાપુડમાં લગ્ન કરાવી દીધા હતા. હાલમાં બંને પક્ષો વચ્ચે આ મામલો શાંતિપૂર્ણ રીતે પતી ગયો છે અને પોલીસ ડાયરીમાં આ અંગેની નોંધ કરી લેવામાં આવી છે.

### ઘટનાક્રમ

- ૨૫ જૂન, ૨૦૨૬ હાપુડના યુવક અને મેરઠની યુવતીના લગ્ન થયા.
- લગ્નની પહેલી જ રાતે નવવધૂએ પતિને ધમકી આપી, "મને હાથ લગાવ્યો તો મર્ડર કરાવી દઈશ.
- પ્રેમી સાથે સતત સંપર્ક દુલ્હન લગ્ન બાદ પણ પરિવારની સામે પ્રેમી સાથે ફોન પર વાત કરતી રહી.
- પરિવારની વાતચીત નિષ્ફળ કન્યાના પરિવારને જાણ કરાઈ, પરંતુ કોઈ ઉકેલ આવ્યો નહીં.
- ૨૮ જૂન, ૨૦૨૬ લગ્નના માત્ર ત્રણ દિવસમાં પતિએ પત્નીના પ્રેમીને બોલાવી તેની સાથે મોકલી આપી.
- પોલીસમાં અરજી ભવિષ્યમાં કોઈ કાનૂની મુશ્કેલી ન સર્જાય તે માટે પતિ અને તેના પિતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી.




# વાહ આવું ભારતમાં જ શક્ય છે

# 100 બેડની હોસ્પિટલ માત્ર ફાઈલોમાં

## સ્ટાફની બદલી કાગળ પર !

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મહાનગરમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં એક હોસ્પિટલ ફક્ત કાગળ પર જ કાર્યરત છે. કાગળ પર, અહીં ડોકટરો, નર્સો અને લેબ ટેકનિશિયનોની પોસ્ટિંગ કરવામાં આવે છે, અને બદલીઓ થઈ રહી છે, પરંતુ જમીન પર હોસ્પિટલનું કોઈ અસ્તિત્વ નથી. આ મામલો ઈન્દોરની ખજરાના સિવિલ હોસ્પિટલનો છે, જ્યાં ૨૦૨૦ માં ૧૦૦ બેડની હોસ્પિટલને મંજૂરી મળ્યાના છ વર્ષ પછી પણ તેની પાસે ન તો જમીન છે કે ન તો મકાન. ઈમારતનો અભાવ હોવા છતાં, ૮૭ સરકારી હોદ્દાઓ મંજૂર કરવામાં આવ્યા હતા, નિમણૂકો કરવામાં આવી હતી અને હવે તેમના નામે ટ્રાન્સફર કરવામાં આવી રહી છે. સૌથી તાજેતરનો પોસ્ટિંગ ઓર્ડર ૧૫ જૂન, ૨૦૨૬ ના રોજ જારી કરવામાં આવ્યો હતો. એક લેબ ટેકનિશિયનને સત્તાવાર રીતે એવી હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો જેણે ક્યારેય એક પણ દર્દીને દાખલ કર્યો ન હતો.

૨૩ જૂન, ૨૦૨૦ ના રોજ, મધ્યપ્રદેશ સરકારે ઈન્દોરના સૌથી ઝડપથી વિકસતા અને ગીચ વસ્તીવાળા વિસ્તાર ખજરાના માટે ૧૦૦ બેડની સિવિલ હોસ્પિટલને મંજૂરી આપી. તે ખજરાના, મુસાખેડી, તેજાજી નગર, બિચૌલી હાપસી અને આસપાસના વિસ્તારોના ત્રણ લાખથી વધુ લોકોને સેવા આપવાની અપેક્ષા હતી. મંજૂરી સાથે, સરકારે ૮૭ જગ્યાઓને મંજૂરી આપી, જેમાં નિષ્ણાત ડોકટરો, તબીબી અધિકારીઓ, સ્ટાફ નર્સો, ફાર્માસિસ્ટ, લેબ ટેકનિશિયન અને સહાયક સ્ટાફનો સમાવેશ થાય છે. જોકે, છ વર્ષ પછી પણ બાંધકામ શરૂ થયું નથી કારણ કે જમીન ફાળવવામાં આવી નથી, છતાં ૮૭ સ્ટાફ સભ્યોની નિમણૂક અને ટ્રાન્સફર કરવામાં આવી રહી છે.

આ હોસ્પિટલના નામે નિયુક્ત સ્ટાફ અંગે, અધિકારીઓ કહે છે કે મંજૂર સ્ટાફને ઈન્દોરમાં કશ્ત સેઠી હોસ્પિટલ, હુકમચંદ હોસ્પિટલ, સંજીવની ક્લિનિક અને અન્ય સરકારી આરોગ્ય સુવિધાઓ સાથે જોડવામાં આવ્યો છે. જ્યારે આમાંના ઘણા કર્મચારીઓ કાગળ પર ખજરાના સિવિલ હોસ્પિટલ સાથે સંકળાયેલા છે, વાસ્તવમાં, હોસ્પિટલનું કોઈ સરનામું નથી, કોઈ વોર્ડ નથી અને કોઈ સ્ટાફ નથી. પથારી નથી, દર્દીઓ નથી.

ખજરાનામાં ૧૦૦ બેડની સિવિલ હોસ્પિટલને ૨૦૧૮માં મંજૂરી આપવામાં આવી હતી. ૨૦૧૯માં, ખસરાના ૪૩૫/૧/૧/૧ પર આશરે ૫ એકર સરકારી જમીન પણ આરોગ્ય વિભાગને ફાળવવામાં આવી હતી. જોકે, આટલા વર્ષો પછી પણ, હોસ્પિટલ કાગળ પર જ સીમિત રહી છે. મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી (CMHO) એ સ્પષ્ટતા કરી છે કે હોસ્પિટલની મંજૂરી અને સ્ટાફ ઉપલબ્ધ છે, પરંતુ આરોગ્ય વિભાગને હજુ સુધી જમીનનો ભૌતિક કબજો મળ્યો નથી. એકવાર કબજો મળી જાય, પછી બાંધકામ પ્રક્રિયા શરૂ થઈ શકે છે. જો આ હોસ્પિટલ બનાવવામાં આવે, તો આશરે 300,000 લોકોને સુધારેલી અને સુલભ આરોગ્યસંભાળનો સીધો લાભ મળશે. આ કોઈ એક વ્યક્તિ, સંગઠન કે રાજકીય પક્ષનો મુદ્દો નથી, પરંતુ ખજરાના અને આસપાસના વિસ્તારના દરેક પરિવારના સ્વાસ્થ્યનો પ્રશ્ન છે.




ZARA પર ત્રિશા કૃષ્ણનો ગુસ્સો

# ZARAમાંથી ઓનલાઈન મંગાવેલા કપડામાંથી પરસેવાની દુર્ગંધ !

## બ્રાન્ડની બોલતી બંધ, ત્રીશાએ ZARAની પોલ ખોલી

**સિટી ન્યૂઝ@ચેન્નઈ**

સાઉથ સ્ટાર ત્રિશા કૃષ્ણન હાલમાં તમિલનાડુના મુખ્યમંત્રી અને સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજય સાથેના સંબંધને લઈને ચર્ચામાં છે. તેવામાં એક્ટ્રેસે એપેરલ બ્રાન્ડ ZARAની હોમ ડિલિવરી સર્વિસ પર નારાજગી વ્યક્ત કરી છે. તેણે દાવો કર્યો કે, સતત ત્રીજી વખત તેને એવા કપડાં મળ્યાં, જેમાંથી પરસેવાની દુર્ગંધ આવતી હતી.

ત્રિશાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરીને લખ્યું, 'પ્રિય @zara @zaracare, એક નાનકડી વિનંતી છે. આગલી વખતે હોમ ડિલિવરી મોકલતા પહેલા કૃપા કરીને ખાતરી કરો કે, કપડાંમાંથી પરસેવાની દુર્ગંધ ન આવતી હોય. સતત ત્રીજી વખત આવું બન્યું છે. આ ખૂબ જ ખરાબ અનુભવ છે. પેક કરતા પહેલા ઓછામાં ઓછું કપડાંને સૂંઘીને જોઈ લો.

# મુંબઈમાં ભારે વરસાદથી અમિતાભ અજયના બંગલામાં પાણી ભરાયું

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મુંબઈમાં સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે, રસ્તા પર પાણી ભરાઈ જવાથી લોકોના રોજિંદા જીવન પર અસર પડી છે. ઉલ્લેખનીય છે કે સામાન્ય મુંબાઈગરાઓ સાથે સેલેબ્સની ઈમારતો અને બંગલામાં પણ પાણી ભરાઈ જવાના દ્રશ્યો જોવા જોવા મળી રહ્યા છે. બુધવારે પડેલા વરસાદથી અમિતાભ બચ્ચનના પ્રખ્યાત જુહુ નિવાસસ્થાન 'જનક' પર પણ અસર પડી હતી. અજય દેવગનના બંગલા 'શિવશક્તિ'માં પણ પાણી ભરાઈ ગયું હોવાના અહેવાલ છે. જ્યારે પ્રખ્યાત હસ્તીઓના ઘરો આવી સ્થિતિમાં હોય છે ત્યારે લોકો સામાન્ય



માણસની દુર્દશા પર સવાલ ઉઠાવી રહ્યા છે. તાજેતરમાં, એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે અમિતાભ બચ્ચનના બંગલા 'જનક'ની મુલાકાત લીધી હતી અને વિસ્તારની વર્તમાન સ્થિતિ દર્શાવી હતી. ભારે વરસાદ વચ્ચે, પીઢ અભિનેતાના ઘરની બહાર ઘૂંટી સુધી પાણી હોવાનું દેખાયું હતું, બંગલાની અંદર વરસાદનું પાણી ભરાઈ ગયું હતું. આ વીડિયોને "ભારે વરસાદ વચ્ચે બિગ બી અમિતાભ બચ્ચનના પ્રખ્યાત જુહુ બંગલામાં વરસાદી પાણી ઘૂસી ગયું છે," એવા કૅપ્શન સાથે શૅર કરવામાં આવ્યો હતો.

# મોન્સૂનમાં વોટરપ્રુફ સ્ટાઈલિશ ફૂટવેઅર પહેલી પસંદ





**સિટી ન્યૂઝ@મુંબઈ**

જો તમે પણ આ વરસાદમાં તમારા લુકને પર્ફેક્ટ અને સ્માર્ટ બનાવવા માગો છો તો અત્યારે માર્કેટમાં ધૂમ મચાવી રહેલા આ લૅટેસ્ટ ફુટવેઅર ટ્રેન્ડ્સ ચોક્કસ ટ્રાય કરવા જેવા છે.

**જેલી ફ્લૅટ્સ :** હાઈ ક્વૉલિટી PVC કે રબરનાં બનેલાં જેલી ફ્લૅટ્સ પાણીને બિલકુલ શોષતાં નથી. એ કાદવ લાગતાં જ પાણીથી તરત સાફ થઈ જાય છે અને ખૂબ ઝડપથી સુકાય છે એટલે પગમાં ભેજ કે ફંગલ ઈન્ફેક્શન થતું નથી.

**રિંગ સૅન્ડલ્સ :** જો તમે ચોમાસામાં પણ કુરતી, પલાઝો કે એથ્નિક સેટ્સ પહેરવાના શોખીન હો તો રિંગ સૅન્ડલ્સ બેસ્ટ ચૉઈસ છે. અંગૂઠામાં ફિટ થતી આ રિંગ ડિઝાઈન ચાલતી વખતે પગને પર્ફેક્ટ ગ્રિપ આપે છે એટલે કાદવવાળા રસ્તા પર ચંપલ પગમાંથી નીકળી જતાં નથી અને પાછળથી કાદવ ઊડતો નથી.

**ક્લૉગ્સ :** ક્રૉક્સ સ્ટાઈલના ક્લૉગ્સ આખો દિવસ ચાલે એવા કમ્ફર્ટ અને મજબૂત સોલ માટે જાણીતા છે. એના જાડા સોલ લપસણા રસ્તા પર પર્ફેક્ટ ઍન્ટિ-સ્લિપ ગ્રિપ આપે છે.

**ફ્લિપ-ફ્લૉપ્સ :** રોજિંદા વપરાશ, ક્વિક આઉટિંગ કે શાકભાજી લેવા જવા માટે ફ્લિપ-ફ્લૉપ્સ સૌથી હળવો અને સરળ ઑપ્શન છે. એથનિલ વિનાઈલ એસિટેટ (EVA) મટીરિયલમાંથી બનતાં આ ચંપલ વજનમાં એકદમ હલકાં હોય છે.





### વીજ ટ્રાન્સમિશન લાઇન વળતર મુદ્દે કોંગ્રેસનો સરકાર પર પ્રહાર

# ખેડૂત આંદોલનથી ડરેલી સરકાર ખેડૂતોને લોલીપોપ આપી રહી છે : અમિત ચાવડા

સિટી ન્યૂઝ@રાજકોટ
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ વીજ ટ્રાન્સમિશન લાઇન અને વીજ ટાવર માટે ખેડૂતોને વળતર અંગે રાજ્ય સરકારની તાજેતરની જાહેરાતને ખેડૂતો સાથેનો ગંભીર અન્યાય ગણાવી કડક પ્રહાર કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે ખેડૂત આંદોલનથી ડરેલી સરકારે માત્ર "લોલીપોપ" આપવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે ખેડૂતોના મૂળભૂત અને વાસ્તવિક પ્રશ્નોનો કોઈ સચોટ ઉકેલ લાવવામાં આવ્યો નથી.

અમિત ચાવડાએ જણાવ્યું કે ખેડૂતોની સંમતિ વિના તેમની જમીન પર ખાનગી વીજ કંપનીઓ દ્વારા કરાયેલા કબજાઓ પ્રથમ તાત્કાલિક દૂર કરવામાં આવે. ત્યારબાદ જ કોઈપણ પ્રક્રિયા હાથ ધરવી જોઈએ. સરકાર ઉદ્યોગપતિઓની તરફેણ છોડીને ખેડૂતોને માર્કેટ રેટના ચાર ગણા વળતર ચૂકવે તેવી તેમણે સ્પષ્ટ અને દૃઢ માંગ કરી હતી.

કોંગ્રેસે સરકાર સમક્ષ માંગ કરી છે કે વળતરની ગણતરીમાં વાણિજ્ય જંત્રીને આધાર બનાવવામાં આવે, વીજ લાઇનના કારણે જમીનની કિંમતમાં થતા ઘટાડાનું અલગથી અને પૂરતું વળતર ચૂકવવામાં આવે તેમજ ખેડૂતોની લેખિત અને સ્વૈચ્છિક સંમતિ વિના ખાનગી કંપનીઓને વીજ લાઇન કે ટાવર નાખવાની મંજૂરી આપવામાં ન આવે.

ચાવડાએ વધુમાં જણાવ્યું કે વીજ પોલ અને હાઈ ટેન્શન લાઇનના કારણે થતા અકસ્માત, મૃત્યુ, કાયમી અપંગતા અથવા પાકને થતા નુકસાન માટે વીજ કંપનીઓને ફરજિયાત અને યોગ્ય વળતર ચૂકવવાની સ્પષ્ટ નીતિ જાહેર કરવી જોઈએ. આ સુરક્ષા યોજનાનું પ્રીમિયમ પણ સરકાર અથવા સંબંધિત કંપનીએ જ ભરવું જોઈએ જેથી ખેડૂતો પર કોઈ વધારાનો બોજો ન પડે.

તેમણે સરકારને પડકાર ફેંકતા કહ્યું કે અગાઉ અસરગ્રસ્ત ખેડૂતોને પણ નવા ધોરણ મુજબ પાછલી તારીખથી વળતર આપવામાં આવે અને વળતર ચૂકવવાની કાયદેસર સમયમર્યાદા નક્કી કરવામાં આવે જેથી ખેડૂતોને વર્ષો સુધી કચેરીઓના ધક્કા ન ખાવા પડે.

અંતમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર ખેડૂતોને નહીં પરંતુ ખાનગી વીજ કંપનીઓ અને ઉદ્યોગપતિઓને લાભ પહોંચાડવા માટે કામ કરી રહી છે. ખેડૂતોની જમીન પર બળજબરીથી કબજો કરવો અને પછી અધૂરી જાહેરાતો કરવી એ ખેડૂતો સાથે વિશ્વાસઘાત સમાન છે. જ્યાં સુધી ખેડૂતોને ન્યાય નહીં મળે અને તેમની તમામ માંગણીઓનો યોગ્ય ઉકેલ નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસ અને કિસાન કોંગ્રેસ રસ્તાથી લઈને વિધાનસભા સુધી લડત ચાલુ રાખશે.

## જ્યાં સુધી ખેડૂતોને ન્યાય નહીં મળે અને તેમની માંગણીઓ નહીં સંતોષાય, ત્યાં સુધી કિસાન કોંગ્રેસ લડત ચાલુ રાખશે

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની માંગ

- ખેડૂતોની સંમતિ વગર તેમની જમીન પર ખાનગી વીજ કંપનીઓનો કબજો પહેલા ખાલી કરાવો
- ખેડૂતોને માર્કેટ રેટના ચાર ગણા વળતર ચૂકવવામાં આવે.
- વળતરની ગણતરીમાં વાણિજ્ય જંત્રીને આધાર બનાવવામાં આવે.
- વીજ લાઈનના કારણે સમગ્ર જમીનની કિંમતમાં થતા ઘટાડાનું અલગથી સંપૂર્ણ વળતર ચૂકવવામાં આવે.
- ખેડૂતોની લેખિત અને સ્વૈચ્છિક સંમતિ વિના કોઈપણ ખાનગી કંપનીને વીજ લાઈન કે વીજ ટાવર નાખવાની મંજૂરી આપવામાં ન આવે.
- વીજ લાઈનના કારણે દુર્ઘટનામાં મૃત્યુ અથવા કાયમી ખોડખાંપણ તથા પાકના નુકસાન સામે યોગ્ય વળતર ફરજિયાત ચૂકવવાની નીતિ બનાવવામાં આવે.
- આ સુરક્ષા યોજનાનું પ્રીમિયમ સરકાર અથવા સંબંધિત વીજ કંપની ભોગવે.
- અગાઉ અસરગ્રસ્ત તમામ ખેડૂતોને પણ નવા ધોરણ મુજબ પાછલી તારીખથી વળતર ચૂકવવામાં આવે.
- વળતર ચૂકવવાની કાયદેસર સમયમર્યાદા નક્કી કરવામાં આવે.
- MRCમાં ખેડૂતોના પ્રતિનિધિને માત્ર સ્થાન નહીં, પરંતુ નિર્ણય પ્રક્રિયામાં અસરકારક અને બંધનકર્તા અધિકાર આપવામાં આવે.




# યાત્રાધામ વીરપુરમાં PGVCLની લાલિયાવાડી : કચેરી કાગળ પર, કામગીરી જેતપુરથી!

### » તાર તૂટે તો રિપેરિંગ માટે રસીદ વિના સીધા રૂ. ૫૦૦નો તોડ! અરજી ન કરવી હોય તો પૈસા આપવા પડે તેવી ખુલ્લી ધમકી

### » ૨૫ હજારની વસ્તી અને હજારો યાત્રાળુઓ છતાં વીરપુરમાં કચેરી કેમ નહીં? સ્થાનિકોમાં ભારે આક્રોશ

### » જાગૃત નાગરિકો મેદાને: ભ્રષ્ટ વહીવટ સામે મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રીને લેખિત રજૂઆત કરી તપાસની માંગ

**સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા-વીરપુર**

જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં પીજીવીસીએલ (PGVCL) ના અંધેર વહીવટનો આશ્ચર્યજનક નમૂનો સામે આવ્યો છે. વીરપુરની સબ ડિવિઝન કચેરી માત્ર કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે, જ્યારે તેનો સમગ્ર વહીવટ જેતપુરથી ચલાવવામાં આવી રહ્યો છે. જેના કારણે સ્થાનિક ગ્રાહકો, ખેડૂતો અને વેપારીઓને વીજળીની નાની-મોટી સમસ્યાઓ માટે પણ છેક જેતપુર સુધી ધક્કા ખાવા મજબૂર થવું પડી રહ્યું છે. ચોમાસાની શરૂઆત થતાં જ પાંગળી પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ છે અને છાશવારે સિંગલ ફેઝ સર્વિસના તાર તૂટવાના બનાવો વધી રહ્યા છે, ત્યારે ભ્રષ્ટ બાબુઓએ આ આપત્તિને અવસરમાં ફેરવીને ઉઘાડી લૂંટ શરૂ કરી દીધી છે.

સ્થાનિકોના ગંભીર આક્ષેપ મુજબ, ઘરોની સિંગલ ફેઝ સર્વિસના તાર તૂટે ત્યારે સમારકામ કરવા આવતા કેટલાક કર્મચારીઓ દ્વારા ગ્રાહકો પાસેથી સીધા રૂ. ૫૦૦ ની ઉઘરાણી કરવામાં આવે છે. આ રકમના બદલામાં ગ્રાહકને કોઈ જ સત્તાવાર રસીદ અપાતી નથી. જો કોઈ ગ્રાહક રકઝક કરે તો તેને સીધી જ ધમકી અપાય છે કે, "અરજી કરવા માટે જેતપુર સુધી ન જવું હોય, તો અમને રૂ. ૫૦૦ આપવા પડે." વીજ કંપનીના નિયમ મુજબ સર્વિસ બદલવા કે રિફિલિંગ માટે નિર્ધારિત સેવા ચાર્જ વસૂલીને પાકી રસીદ આપવી ફરજિયાત હોવા છતાં, વીરપુરમાં કાયદાને નેવે મૂકીને ખુલ્લેઆમ તોડબાજી ચાલી રહી છે.

વીરપુર આશરે ૨૫ હજારની વસ્તી ધરાવતું મોટું ગામ છે અને જલારામ બાપાના દર્શનાર્થે દરરોજ હજારો યાત્રાળુઓ અહીં આવે છે. આમ છતાં, વીરપુર પીજીવીસીએલની સબ ડિવિઝન કચેરી જેતપુરથી કેમ ઓપરેટ થઈ રહી છે તે મોટો સવાલ છે. સ્થાનિકોની ઉગ્ર માંગ છે કે વીરપુરમાં જ તાત્કાલિક સબ ડિવિઝન કચેરી કાર્યરત કરવામાં આવે અને કાયમી ફોલ્ટ સેન્ટર ઊભું કરી સ્થળ પર જ અરજીઓ સ્વીકારી સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવે. આ મામલે જાગૃત નાગરિકોએ રાજ્યના મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રીને લેખિત રજૂઆત કરી કડક તપાસની માંગ કરી છે.

હવે જોવું એ રહ્યું કે, સરકાર અને ઉચ્ચ તંત્ર જાગે છે કે પછી યાત્રાધામ વીરપુરના લોકોને આમ જ ભ્રષ્ટાચારનો ભોગ બનીને જેતપુરના ધક્કા ખાવા પડશે!

## સાહેબને જ ખબર નથી કે ચાર્જ કેટલો છે!

આ સમગ્ર મામલે પીજીવીસીએલના કાર્યપાલક ઈજનેર ડી. કે. જેઠવાનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેમનો ઉડાઉ અને હાસ્યાસ્પદ જવાબ ચર્ચાનો વિષય બન્યો છે. તેમણે જણાવ્યું કે, 'સિંગલ ફેઝ સર્વિસ બદલવા અને રિફિલિંગનો ચાર્જ અંદાજે રૂ. ૧૦૦ ની આસપાસ હોય છે અને સબ ડિવિઝન મુજબ તેમાં ફેરફાર હોઈ શકે છે.' જ્યારે વાસ્તવિકતા એ છે કે, પીજીવીસીએલના નિયમો મુજબ તમામ સબ ડિવિઝનમાં આવા સેવા ચાર્જ એકસરખા જ હોય છે અને તેનો નિર્ધારિત ચાર્જ અંદાજે રૂ. ૩૦૦ થી ૩૫૦ જેટલો હોય છે. આ બાબત સાબિત કરે છે કે ખુદ કાર્યપાલક ઈજનેરને જ ખબર નથી કે સાચો ચાર્જ કેટલો છે!




### જાહેર સુવિધાઓના વિસ્તરણ તેમજ ભવિષ્યના વિકાસને વધુ સુવ્યવસ્થિત રીતે અમલમાં મૂકવાનો માર્ગ મોકળો

# રાજકોટની ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર 14ને ફાઈનલ મંજૂરી મળી

**સિટી ન્યૂઝ@ રાજકોટ**

રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે રાજ્યના વિવિધ શહેરોના આયોજનબદ્ધ વિકાસને વેગ આપવા કુલ ૮ મહત્વના નોટિફિકેશન જાહેર કર્યા છે. આ નિર્ણયોમાં જૂનાગઢ, રાજકોટ અને વડોદરાની ટાઉન પ્લાનિંગ (TP) યોજનાઓ તેમજ જૂનાગઢના ડેવલપમેન્ટ પ્લાનમાં ફેરફારને મંજૂરી આપવામાં આવી છે.

સૌથી મહત્વપૂર્ણ નિર્ણય તરીકે રાજ્ય સરકારે જૂનાગઢ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના ફાઈનલ ડેવલપમેન્ટ પ્લાનમાં ફેરફારને મંજૂરી આપી છે. સરગવાડા ગામના રેવન્યુ સર્વે નં. ૩૭/૧/પી અને ૩૭/૨/પીની જમીનને અત્યાર સુધી રહેણાંક ઝોન તરીકે દર્શાવવામાં આવી હતી, તેને હવે ઔદ્યોગિક ઝોન (Industrial Zone) તરીકે જાહેર કરવામાં આવી છે. સરકાર દ્વારા અગાઉ આ ફેરફાર અંગે વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યા હતા, પરંતુ કોઈ વાંધો કે સૂચન પ્રાપ્ત ન થતાં અંતિમ મંજૂરી આપવામાં આવી છે.

રાજ્ય સરકારે જૂનાગઢ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૭ (ઝાંઝરડા) અને ડ્રાફ્ટ TP સ્કીમ નં. ૧૧ (જૂનાગઢ-ઝાંઝરડા) ને પણ મંજૂરી આપી છે. બંને યોજનાઓમાં ટાઉન પ્લાનિંગ અધિકારીને એનક્સરમાં દર્શાવાયેલા સુધારા અને શરતોનો સમાવેશ કરીને અંતિમ યોજના તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭ (ઝાંઝરડા) અને મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૧ (જૂનાગઢ-ઝાંઝરડા) ને અમલમાં મૂકવા માટે રાજ્ય સરકારે જૂનાગઢના નગર નિયોજકને નગર રચના અધિકારી (Town Planning Officer) તરીકે નિયુક્ત કર્યા છે.

બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની ફાઇનલ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧૪ને રાજ્ય સરકારે અંતિમ મંજૂરી આપી છે. જ્યારે વડોદરા મહાનગરપાલિકા વિસ્તારની ફાઇનલ TP સ્કીમ નં. ૧૨ (નિઝામપુરા  પ્રથમ ફેરફાર) ને પણ મંજૂરી આપવામાં આવી છે. બંને યોજનાઓ હવે સંબંધિત સત્તાધિકારીની કચેરી ખાતે જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

શહેરી વિકાસ વિભાગે જાહેર કરેલા એનક્સરમાં વિવિધ યોજનાઓમાં પ્લોટ રિ-એડજસ્ટમેન્ટ, માર્ગ વ્યવસ્થા, ઓપન સ્પેસ, ગાર્ડન, જાહેર ઉપયોગની જમીન, રેવન્યુ રેકોર્ડ, પ્લોટ એરિયા, જમીનના ઉપયોગ અને અન્ય ટેક્નિકલ મુદ્દાઓમાં જરૂરી સુધારા અને સ્પષ્ટતા કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

રાજ્ય સરકારના આ નિર્ણયો બાદ જૂનાગઢ, રાજકોટ અને વડોદરામાં શહેરી આયોજન, ઔદ્યોગિક વિકાસ, માર્ગ અને જાહેર સુવિધાઓના વિસ્તરણ તેમજ ભવિષ્યના વિકાસને વધુ સુવ્યવસ્થિત રીતે અમલમાં મૂકવાનો માર્ગ મોકળો બન્યો છે.

## બોલો...બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

**સિટી ન્યૂઝ@ રાજકોટ**

રાજકોટના બી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડમાં કબ્જે કરી રાખેલુ બાઇક અજાણ્યો શખ્સ ઉઠાવી ગયાની ફરિયાદ નોંધાઈ છે હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા. ૩ના રોજ પીઆઈ દ્વારા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં રાખેલા કબજે કરાયેલા મુદ્દામાલ વાહનો વરસાદ પડવાથી ખરાબ ન થાય તેથી મુદ્દામાલ વાહનો અંગે ખરાઇ કરી ગ્રાઉન્ડમાં વ્યવસ્થિત ગોઠવવા માટે સૂચના આપતા હતા. આ સમયે પોલીસ સ્ટેશનમાં ૨૦૨૬માં નોંધાયેલા એક ગુનામાં કબ્જે કરી મુદ્દામાલમાં રાખેલુ એક મોટર સાયકલ જોવા મળ્યું ન હતું. પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડમાં રાખેલા મુદ્દામાલમાંથી અજાણ્યો શખ્સ બાઇક ચોરી કરી નાસી ગયાની ફરિયાદ દાખલ કરી હતી.

## બેડી ચોકડી પાસેથી પિસ્તોલ અને બે કારતૂસ સાથે હિસ્ટ્રીશીટર ઝડપાયો

**સિટી ન્યૂઝ@ રાજકોટ**

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અને ગેરકાયદેશર હથિયારોની હેરફેર રોકવા શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સૂચના અનુસાર એસઓજી પીઆઈ એન.બી. ચૌધરીની રાહબરીમાં પીએસઆઇ એમ.વી. જાડેજા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા દરમિયાન ઉપેન્દ્રસિંહ ઝાલા અને જયદીપસિંહ ઝાલાને મળેલી બાતમી આધારે ભગવતીપરામાં વોચ ગોઠવી ખોડિયારનગરના કિશન દિલુ બાવડાને સકંજામાં લઈ તલાસી લેતાં તેની પાસેથી દેશી બનાવટની પિસ્તલ અને બે જીવતા કારતૂસ મળી આવતાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી પકડાયેલ શખ્સે ૧૧ મહિના પહેલા ચોટીલાના વનરાજ કાઠી પાસેથી બે હથિયાર મેળવ્યા હતા. તેમાંથી એક હથિયાર ત્રણ મહિના પહેલાં જ જુનાગઢ એસઓજીની ટીમે પકડી પાડ્યું હતું. ઉપરાંત તેને અલગ અલગ શખ્સો સાથે ચાલતી માથાકૂટના કારણે હથિયાર રાખ્યાંની કબૂલાત આપી હતી હથિયાર આપનાર શખ્સ ત્રણ મહિના પહેલા અવસાન પામ્યો હોવાનું સામે આવ્યું છે .

# વિરાંગે કહ્યું ગોપાલ તારા અવાજમાં દમ છે, જો તારી ઈચ્છા હોય તો અમારી સાથે કામ કરી શકે છે


ગોપાલ જેલમાં દાખલ થયો. તેણે જેલના ગેટ ઉપર રજિસ્ટરમાં એન્ટ્રી કરાવી. એક ક્ષણ માટે તો તેને થયું કે, અહીંયાથી પાછો ભાગી જાય; પણ તેણે પાછળ જોયું તો જેલનો મુખ્ય દરવાજો બંધ થઈ ગયો હતો. તે પોતાની ઑફિસ બેરેકમાં ગયો. એનું મન બેચેન હતું. તેને કશું ગમતું નહોતું.તેણે બેરેકમાં આવીને પોતાનાં ઘરનાં કપડાં બદલીને જેલનાં સફેદ કપડાં પહેરી લીધાં. ઑફિસ બેરેકના મોટા ભાગના કેદીઓ પોતાની ઑફિસમાં કામ પર ગયા હતા. બેરેકમાં માત્ર એકાદ બે કેદીઓ જ હતા. આમ તો જેલમાં હાજર થયા પછી તેને લીગલ ઑફિસમાં નોકરીએ જવાનું હતું, પણ તેને ત્યાં જવાનું પણ મન થતું નહોતું. તે વિચાર કરતો કરતો પોતાના બિસ્તર પર બેઠો.તેની બેરેકમાં રહેલો એક કેદી તેની તરફ જ જોઈ રહ્યો હતો. તે ઊભો થઈને ગોપાલ પાસે આવ્યો. ગોપાલે તેની સામે જોયું. પહેલાં તો કોઈ કંઈ બોલ્યુ નહીં. પેલા કેદીએ સ્મિત આપ્યું એટલે ગોપાલે પણ સામે સ્મિત આપ્યું. તેણે ગોપાલ સામે જોતાં પૂછ્યું, "રજા પર જઈ આવ્યો?"ગોપાલે માથું હલાવી હા પાડી. તેણે ઊંડો શ્વાસ લીધો અને શ્વાસ છોડતાં કહ્યું, "તારા જેવી જ બધાની સ્થિતિ હોય છે. રજા પર ઘરે જઈને આવ્યા પછી બે ત્રણ દિવસ તો અહીંયા ગમતું જ નથી. ઘરની, મિત્રોની અને ઘણીબધી વાતો યાદ આવ્યા કરે છે. મન પણ કમાલ છે! આપણે જેલના દરવાજામાં દાખલ થઈએ એટલે યાદોએ ત્યાં રોકાઈ જવું જોઈએને? પરંતુ યાદો પણ આપણી સાથે અંદર આવી જાય છે."ગોપાલને આ સાંભળીને લાગતું હતું કે, કોઈ સંત તેને પ્રવચન આપી રહ્યા હોય! ગોપાલના ચહેરા ઉપર સ્મિત આવ્યું તેણે હસતાં હસતાં પૂછ્યું, "તુ કોઈ સંત કે મહાત્મા છે?"

તે પણ હસ્યો. તેણે કહ્યું, "અહીંયા આવ્યા પછી બધા જ સંત થઈ જાય છે. જો સંત ન થાય તો પાગલ તો જરૂર થઈ જાય છે. બોલ, તારે સંત થવું છે કે પાગલ?"ગોપાલે વિચાર કરીને કહ્યું, "સંત."ગોપાલનો જવાબ સાંભળીને પેલા કેદીએ તરત કહ્યું, "તો ઊભો થા. તારી નોકરી પર જતો રહે. અહીંયા બેસીશ તો પાગલ થઈ જઈશ."ગોપાલને લાગ્યું કે, આની વાતમાં દમ તો છે. તે ઊભો થયો અને લીગલ ઑફિસમાં જવા નીકળ્યો. એ




જેલમાં દાખલ થયો ત્યારે એના પગમાં તાકાત નહોતી; પણ હવે જાણે વીજળીનો વાયર જોડી દેવામાં આવ્યો હોય એમ તેનામાં જુસ્સો આવી ગયો હતો. તેને લાગ્યું કે, પંદર દિવસમાં તો જેલમાં ઘણુંબધું બદલાઈ ગયું છે. આમ તો જેલ એકસો વર્ષ જૂની હતી. તેમાં કોઈ ફેર થયો નહોતો છતાં ગોપાલને આજે તેવું લાગી રહ્યું હતું.તે તિલકયાર્ડમાં દાખલ થયો અને પોતાની ઑફિસમાં પહોંચ્યો. ઑફિસમાં દાખલ થતાં જ સામેના ટેબલ ઉપર નીતિનકાકાને બેઠેલા જોયા. કાકાને જોઈ ગોપાલે પ્રવેશ કરતાં કહ્યું, "જય શ્રી કૃષ્ણ કાકા."કાકાએ જવાબ આપવાને બદલે ઘડિયાળ સામે જોયું. બપોરના બે વાગવા આવ્યા હતા. ગોપાલ સમજી ગયો. તેણે કાકાને કહ્યું, "કાકા, હજી હમણાં જ આવ્યો. એન્ટ્રી કરાવીને સીધો ઑફિસ આવ્યો છું."કાકાએ ખાલી ખુરશી તરફ ઈશારો કર્યો એટલે ગોપાલ બેસી ગયો. કાકાએ કંઈક વિચાર કર્યો પછી પૂછ્યું, "રજા કેવી રહી?"ગોપાલે માથું હલાવીને કહ્યું, "સરસ."કાકાએ બીજો સવાલ પૂછ્યો, "અપીલ કરી?"ગોપાલે ફરી માથું હલાવીને હા કહી. કાકાએ ત્રીજો સવાલ કર્યો, "કેટલી ફી કહી વકિલે?"ગોપાલે સંકોચ સાથે કહ્યું, "કાકા, ફી તો એક લાખ નક્કી કરી છે, પણ હમણાં જે વ્યવસ્થા થઈ એટલા આપ્યા છે. બાકીના પછી આપીશ એવું કહીને આવ્યો છું."

કાકાએ કહ્યું, "ચિંતા કરતો નહીં. જરૂર હોય તો મને કહેજે. બહાર મારા દિકરાઓને મોટો કારોબાર છે. એમને કહી દઈશ તો એ વકીલને પહોંચાડી દેશે."ગોપાલે હાથ જોડીને કાકાનો આભાર માન્યો. કાકાએ કહ્યું, "હું આરામ કરવા જ નીકળતો હતો. ચાલ, તું આવ્યો છે તો ચા પીને જાઉં. ત્યાં કામ કરી રહેલો કેદી સમજી ગયો કે, કાકા આદેશ આપે તે પહેલાં તેણે ઑફિસમાં રહેલું થર્મોસ લીધું અને ચા લેવા કેન્ટીન તરફ રવાના થયો. તે દિવસે ગોપાલ ઑફિસમાં કામ કરતો હતો, પણ તેનાં મનને ના પાડવા છતાં તે થોડી થોડીવારે ઘરે જતું રહેતું અને ત્યાંની યાદ લઈ પાછું ફરતું હતું.સાંજના સાત વાગ્યા એટલે ગોપાલ પોતાની બેરેક પર પાછો ફર્યો. જેમની ઑફિસ મોડા સુધી ચાલું રહેતી હતી, તેવા કેદીને બાદ કરતાં મોટા ભાગના કેદી બેરેકમાં આવી ગયા હતા. વિરાંગ પણ આવી ગયો હતો. તેની નોકરી વેલફેર



પ્રશાંત દયાળ

ઑફિસમાં હતી. વેલફેર ઑફિસર તો ઘડિયાળના ટકોરે કામ કરતા હતા. તેમને તો ક્યારે સાડા પાંચ થાય અને ઘરે ભાગું; તેવી ઉતાવળ રહેતી હતી એટલે સાડા પાંચે વિરાંગ ફ્રી થઈ જતો હતો.

તે બેરેકમાં પાછો આવે એટલે પહેલું કામ જમી લેવાનું કરતો હતો. તે સવારે દસ વાગ્યે અને સાંજે છ વાગ્યે અચૂક જમી લેતો. તેને કોઈની સાથે કોઈ વાંધો નહોતો, પણ તેણે પોતાની જિંદગીને બીજા કેદીઓ કરતાં અલગ જ રાખી હતી. તેણે જેલમાં આવ્યા પછી વિવિધ પ્રકારની દસ કરતાં વધુ ડીગ્રીઓ લીધી હતી. ઘણા કેદીઓ એને પ્રોફેસર પણ કહેતા હતા. બેરેકમાં પણ એ એકલો બેઠો હોય ત્યારે કોઈને કોઈ પુસ્તક વાંચ્યા કરતો. જેલમાં જો કોઈ નવો અભ્યાસક્રમ શરૂ થાય, તો સૌથી પહેલો વિરાંગ પોતાનું નામ લખાવી આવતો.ગોપાલ સાંજે બેરેકમાં આવ્યો ત્યારે તેની પહેલી મુલાકાત વિરાંગ સાથે થઈ. ગોપાલે નોંધ્યુ હતું કે, જ્યારે એ બોલતો હોય ત્યારે વિરાંગ તેને ધ્યાનથી સાંભળતો; પણ તે અંગે ક્યારેય તેની સાથે વાત થઈ નહોતી. ગોપાલે બેરેકમાં જોયું તો વિરાંગ ટીવી પર આવી રહેલી મેચ જોઈ રહ્યો હતો. તેણે ગોપાલને જોતાં માત્ર હાથ ઉંચો કર્યો. ગોપાલ તરત ન્હાવા જતો રહ્યો. તૈયાર થઈને એ જમવા બેઠો અને જમ્યા પછી તે બેરેકમાં ચક્કર મારી રહ્યો હતો.ગોપાલે જોયું કે, બેરેકના દરવાજે લોક મારેલું હતું. જેમ જેમ ઑફિસમાં કામ કરતા કેદીઓ પાછા ફરતા, તેમ તેમ એક સિપાહી બેરેક ખોલીને તેમને અંદર મોકલતો હતો. ગોપાલ ચક્કર મારી રહ્યો હતો ત્યારે વિરાંગે તેને બેસવાનો ઈશારો કર્યો. ગોપાલ વિરાંગના બિસ્તર ઉપર બેઠો. પહેલાં તો વિરાંગે રજાઓ વિશે પૂછ્યું અને પછી કહ્યું, "ઘણા દિવસથી તારી સાથે વાત કરવી હતી. આમ તો તને પહેલી વખત મળ્યો ત્યારે જ તને પૂછવુ હતું; પણ મને લાગ્યું કે, ઉતાવળ થશે."ગોપાલ આશ્ચર્યથી તેની સામે જોવા લાગ્યો. વિરાંગ હસ્યો અને કહ્યું, "અરે, કોઈ સીરિઅસ વાત નથી. તારી સારી બાબત જ છે."વિરાંગે એક ક્ષણ રોકાઈને કહ્યું, "તારો અવાજ ખૂબ સારો છે. તારા અવાજમાં ક્લેરિટી છે."ગોપાલ તેની સામે જોતો રહ્યો. વિરાંગે પોતાના હાથની મુઠ્ઠી બંધ કરતાં કહ્યું, "તારા અવાજમાં દમ છે."ગોપાલે પૂછ્યું, "તો શું?"વિરાંગે કહ્યું, "આપણી જેલમાં ઓડિયોબુક બનાવવાનું કામ ચાલે છે. હું તેમાં કામ કરું છું. બપોરે રિસેસના સમયમાં કામ કરીએ તો પણ ચાલે. પૈસા પણ સારા મળે છે. મને લાગે છે કે, તારો અવાજ ઓડિયોબુક માટે પરફેક્ટ છે. જો તારી ઈચ્છા હોય, તો તું પણ અમારી સાથે કામ કરી શકે છે."ગોપાલ કંઈક વિચાર કરવા લાગ્યો. વિરાંગે કહ્યું, "વિચાર કરવા જેવું કંઈ નથી. આવતીકાલે મારી સાથે ગાંધીયાર્ડમાં આવજે. તારો ઓડિયો ટેસ્ટ લઈ લઈશું."(ક્રમશઃ)

### કંસારા બજાર અને દીવાનપરામાં

# ચોરીને અંજામ આપનાર ત્રણ સગીર સહિત સાત ઝડપાયા

## પોલીસે રોકડ, વાસણો સહીત 5.12 લાખની ચોરીના બે ગુનાના ભેદ ઉકેલી નાખ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કંસારા બજાર અને દીવાનપરામાં થયેલી બે ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે એક દુકાનમાંથી ૧.૨૫ લાખની રોકડ સહીત ૪.૭૯ લાખની મતા અને એક દુકાનમાંથી ૩૬ હજારના વાસણોની ચોરી થતા બે ગુના નોંધાયા હતા પોલીસે ત્રણ સગીર સહીત ૭ શખ્સોની ધરપકડ કરી તમામ ૫.૧૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. રાજકોટના રેસકોર્સ પાર્ક નજીક મારુતિનગરમાં રહેતા અને સોની



બજાર (કંસારા બજાર) પાછળ આવેલી ત્રિભુવનદાસ દામોદર દાસ શેઠ' નામની જૂની પેઢીમાંથી રોકડ અને વાસણો સહીત ૪.૭૯ લાખની ચોરીની ઉપરાંત પંચનાથ પ્લોટમાં રહેતા વિકાસભાઈ પ્રવિણચંદ્ર કોઠારીએ તેના દીવાનપરા સ્થિત જુના મકાનમાંથી પિત્તળના ૩૬ હજારના વાસણો ચોરી થયાની ફરિયાદ એ ડિવિઝન પોલીસમાં નોંધાવી હતી બબ્બે ચોરીના ભેદ ઉકેલવાની સૂચના અન્વયે એ ડિવિઝન પીઆઇ જે વી વાઢીયાની રાહબરીમાં ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કનુભાઈ બસિયા અને ધર્મેશભાઈ પરમારને મળેલી બાતમી આધારે ચોરીમાં સંડોવાયેલા રણછોડદાસબાપુ આશ્રમ પાસે રહેતા અર્જુન ઉર્ફે ગોધરો પ્રતાપ બાંભણીયા, દેવપરાના પૃથ્વી ઉર્ફે જીગર ઉર્ફે જીગો સંજય ઘાંઘલપરીયા, કુબલિયાપરાના દિનેશ ઉર્ફે દિનો બાબુ બરસાડીયા, કરણ ઉર્ફે તાંત્રીક તુલશી વહાણેકીયા તેમજ ત્રણ સગીર સહિત સાતને ઝડપી લઇ ચોરીમાં ગયેલ રોકડ, વાસણો સહીત તમામ મુદામાલ રીકવર કરી બંને ગુનાના ભેદ ઉકેલી નાખ્યા છે.

# વાવડી રોડ પર ટ્રાફિક જામ કરનાર થાર ચાલક સામે બે ગુના નોંધાયા

## હેડ કોન્સ્ટેબલને ધમકી આપી ઉદ્યોગપતીના પુત્રને ગાળો ભાંડીઃ જો કાચ ઉતાર્યા તો તારા પટ્ટા ઉતારતા અને હાથ–પગ તોડતા વાર નહીં લાગે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ૮૦ ફૂટ રોડ પર એક ભાઈ પોતાની મહિન્દ્રા થાર રોડ વચ્ચે ઉભી રાખી હોય જેથી ત્યાંથી પસાર થઈ રહેલા નામાંકિત ઉધોગપતિ કમલનયન સોજીત્રાના પુત્રએ કાર સાઈડમાં લઈ લેવાનું કહેતા શખસે ગાળો બોલાવતા ફરજ પરના હેડ કોન્સટેબલની ફરજમાં પણ રૂકાવટ કરી હોવાથી તાલુકા પોલીસે થાર ચાલક ગૌરવ ગોસ્વામી સામે બે અલગ-અલગ ગુનાઓ નોંધી ધરપકડ કરી હતી. રાજકોટના વાવડી વિસ્તારમાં ગત તારીખ ૦૩ના રોજ, ૧૧૨ ઈમરજન્સી સરકારી ગાડીના ઈન્ચાર્જ પો.કોન્સ. નિર્મળસિંહ મહીપતસિંહ ઝાલા ફરજ પર હતા. ત્યારે વાવડી રોડ એચ.ડી.એફ.સી. બેંક પાસે ટ્રાફિક જામની કંટ્રોલ રૂમમાંથી વરદી મળતા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ત્યાં તપાસ કરતા જાણવા મળ્યું કે, આરોપી ગૌરવભાઈ પોતાની મહિન્દ્રા થાર ગાડી (GJ-૦૩-PM-૪૫૮૧) રોડ વચ્ચે ઊભી રાખી ટ્રાફિક જામ કરતો હતો. કારખાને જતા વેપારી કરણભાઈ સોજીત્રાએ ગાડી સાઈડમાં લેવાનું કહેતા આરોપીએ તેમને હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપી ગાળો ભાંડી હતી. પોલીસ બંને પક્ષોને વાવડી ચોકી પર લાવતા, થારમાં કાળા કાચ હોવાથી પૂછપરછ કરતા જ આરોપી ગૌરવ ઉશ્કેરાઈ ગયો હતો અને ફરજ પરના કોન્સ્ટેબલ નિર્મળસિંહને જ ધમકી આપતા બૂમો પાડી હતી કે, "મારી ગાડીમાં કાળા કાચ તો રહેશે જ, જો કાચ ઉતાર્યા તો તારા પટ્ટા ઉતારતા અને હાથ-પગ તોડતા વાર નહીં લાગે". હાજર એ.એસ.આઈ. ભુપેન્દ્રસિંહ અને સ્ટાફે આરોપીને કાબૂમાં લઈ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન સોંપ્યો હતો. પોલીસે ફરજમાં રૂકાવટ અને ધમકીના બે ગુનોઆ નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# વિધર્મી શખ્સ સાથે ભાગી ગયા બાદ પરત આવેલી પરિણીતાનો આપઘાત

## ત્રણ સંતાનોએ માતાનું છત્ર ગુમાવ્યુંઃ કારણ જાણવા થોરાળા પોલીસે તપાસ હાથ ધરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના દૂધસાગર રોડ પર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતી ૨૫ વર્ષીય નેપાળી પરિણીતાએ મુસ્લિમ શખ્સ સાથે ઘર છોડીને માઉન્ટઆબુ સુધી ગયા બાદ પિતાએ ઠપકો આપતા પરત ફર્યાના બીજા જ દિવસે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં પરિવારમાં શોક છવાયો છે મહિલાએ આપઘાત હાથ પર બ્લેડથી કાપા પણ માર્યા હતા અને લખેલી ચિઠ્ઠીમાં "કોઈનું દબાણ નથી, મારી મરજીથી પગલું ભરું છું તેમ ઉલ્લેખ કર્યો હોવાનું સામે આવ્યું છે.શહેરના દૂધસાગર રોડ ગુ.હા. બોર્ડ કવર્ટરમાં રહેતી ભગવતીબેન પવન પરિહાર નામની નેપાળી પરિણીતાએ ગત સવારે ઘરની બાજુમાં જ રહેતાં પિતા સુરજસિંગના ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી પ્રાથમિક તપાસમાં મૃતકને સંતાનમાં બે દીકરી એક દીકરો છે. વ્હેલી સવારે પતિ નોકરીએ ગયા બાદ ભગવતીબેને હાથ પર બ્લેડથી કાપા માર્યા હતા. દીકરીનું ધ્યાન પડી જતા પિતા પોતાના ઘરે લઇ ગયા હતા. જે બાદ ભગવતીબેને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો પરિણીતા ઘરેથી નીકળી માઉન્ટ આબુ સુધી પહોંચી ત્યારે તેણીના પિતાનો મુસ્લિમ યુવકને ફોનમાં મેસેજ આવ્યો હતો. અહીની ક્રાઈમ બ્રાંચ ત્યાંની પોલીસને જાણ કરશે તો પોલીસ ધોકાવ્યા વગર નહી મુકે જે જોઈ ડરી ગયેલા યુવકે પરિણીતાને લઈને રાજકોટ આવવું પડ્યું હતું દરમિયાન બુધવારે ભગવતીબેન પરત ઘરે આવી જતાં બંને પક્ષ વચ્ચે પોલીસ સમક્ષ સમજાવટ અને સમાધાન થતાં પતિ તેમને ઘરે પરત લાવ્યો હતો.

# સૌરાષ્ટ્રમાં દારૂ ઘુસાડવાનું મોટું નેટવર્ક ધરાવતા ફિરોઝ સહિત 20 સામે ગુજસીટોક

## ગુજરાતમાં એક સાથે વીસ બુટલેગરો સામે ગુજસીટોકની પ્રથમ કાર્યવાહી રાજકોટના નામેઃ એક દસકામાં હત્યાની કોશિશ, આર્મ્સ, દારૂ સહિતના નોંધાયેલા 272 ગુના ધ્યાને લેવાયા



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમા દારૂની સપ્લાય કરતા બુટલેગર ફિરોઝ ઉર્ફે ફીરીયો સંધી ગેંગના ૨૦ શખ્સો સામે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં હાલ પોલીસે ૧૦ આરોપીની ધરપકડ કરી છે જયારે મુખ્ય આરોપી ફિરોઝ ઉર્ફે ફીરીયો સહીત ૬ આરોપી જુદા જુદા ગુનામાં જેલમાં બંધ હોવાથી તેનો જેલમાંથી કબ્જો મેળવી કાર્યવાહી હાથ ધરવામાં આવશે જયારે ફરાર ૪ આરોપીની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ ગેંગ ઉપર છેલ્લા ૧૦ વર્ષમાં હત્યાની કોશિશ, આર્મ્સ એક્ટ, મારામારી દારૂ જુગાર જેવા ગુના મળી કુલ ૨૭૨ ગુના નોંધાઈ ચુક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

રાજકોટ શહેર ક્રાઇમ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં નાના બુટલેગર સુધી દારૂ પહોંચાડતા બુટલેગરો વિરુધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મુખ્ય આરોપી ફિરોઝ ઉર્ફે ફીરીયો સંધી સહીત ૨૦ શખ્સો દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૨૭૨ ગુના આચરવામાં આવ્યા છે. આ ગુનામાં પોલીસે હાલ ૧૦ આરોપીની ધરપકડ કરી છે જયારે મુખ્ય આરોપી ફિરોઝ ઉર્ફે ફીરીયો સંધી સહીત ૬ શખ્સો જેલમાં બંધ હોવાથી તેનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જયારે ૪ આરોપી ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે પકડાયેલા ૧૦ આરોપીઓમાં ચંદ્રેશ ઉર્ફે કાળિયો ચાઉં વિરુધ્ધ ૧૭ ગુના, ધવલ ઉર્ફે શિવ વડનગરા વિરુધ્ધ ૧૭ ગુના, યશપાલસિંહ જાડેજા વિરુધ્ધ ૧૩ ગુના, મનોજ ઉર્ફે શિવો પોબારુ વિરુધ્ધ ૫ ગુના, મોહસીન ઉર્ફે ચીનલો કુરેશી વિરુધ્ધ ૭ ગુના, જય ઉર્ફે જયશન સાવલિયા વિરુધ્ધ ૧૦ ગુના, મોહસીન ભાયા વિરુધ્ધ ૬ ગુના, બકુલ ઉર્ફે જગદિશ નંદેસણીયા વિરુધ્ધ ૫ ગુના, રાહુલ વકાતર વિરુધ્ધ ૭ ગુના, અને નિર્મળ માણેક વિરુધ્ધ ૯ ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે જયારે જેલમાં બંધ ફિરોઝ ઉર્ફે ફીરીયો વિરુધ્ધ છેલ્લા ૨૦ વર્ષમાં ૩૫ ગુના નોંધાઈ ચુક્યા છે અને ૭ વખત પાસા હેઠળ ધકેલાઈ ચુક્યો છે. જયારે ધવલ સાવલિયા વિરુધ્ધ ૨૮ ગુના, ઈમરાન ઉર્ફે બોબડો ઉર્ફે ખલી કાલવા વિરુધ્ધ ૨૬ ગુના, પ્રશાંત ઉર્ફે પાસો પરમાર વિરુધ્ધ ૧૩ ગુના, હર્ષદ ઉર્ફે મહાજન માંડલિયા વિરુધ્ધ ૨૬ ગુના અને યુસુફ ઉર્ફે ડાંગી હિંગોરા વિરુદ્ધ ૧૮ ગુના નોંધાઈ ચુક્યા છે.

### એક વર્ષમાં નવ ગેંગના 113 સભ્યો વિરુદ્ધ ગુજસીટોક

શહેરમાં છેલ્લા એકાદ વર્ષ દરમિયાન ક્રાઇમ બ્રાંચે પેંડા, મુરગા, બાટલી, ઓડીયા, ઇભલા, શામજી મક્કા, અલ્તાફ ઉર્ફે છ આંગળી, રામદેવ ડાંગર અને ફીરોઝ સહિત નવ ગેંગના ૧૧૩ સભ્યો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો છે. બીજી કઇ ગેંગ ગુજસીટોકની વ્યાખ્યામાં આવે છે તેની પણ હાલ ક્રાઇમ બ્રાંચ તપાસ કરી રહી છે.

### ટોળકીએ વસાવેલી મિલ્કતો અંગે થશે તપાસ

ફીરોઝ અને તેની ટોળકીએ દારૂ સહિતની ગુનાઇત પ્રવૃતિઓ દ્વારા લાખો-કરોડોની મિલ્કતો એકત્રિત કર્યાનું મનાય છે. હવે નિયમ મુજબ ક્રાઇમ બ્રાંચ આ તમામ મિલ્કતો અંગે તપાસ કરી તેને ટાંચમાં લેવાની કાર્યવાહી કરશે. એટલું જ નહીં આ ગેંગ સાથે સંકળાયેલા અન્ય આરોપીઓ અને મદદગારી કરનાર અંગે પણ તપાસ થશે.

# એમ્બ્યુલેન્સની શબપેટીમાં દારૂ-બિયરની હેરાફેરી કરતા રાજકોટના બે ઝડપાયા

## એરપોર્ટ પોલીસે કર્યો પર્દાફાશઃ વાહન સહીત 3.64 લાખનો મુદામાલ કબ્જે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

બામણબોર ચેકપોસ્ટ તરફથી આવતી એક એમ્બ્યુલન્સને એરપોર્ટ ત્રણ રસ્તા પાસે રોકી એરપોર્ટ પોલીસે તપાસ કરતા ગાડીની પાછળ રાખેલી સફેદ શબપેટી (કોફિન)માંથી ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો મળી આવતા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે પોલીસે ૩.૬૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ કરતા બે વર્ષથી હેરાફેરી કરતા હોવાનું જાણવા મળ્યું છે. એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ કે.પી.તરેટીયા અને ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બામણબોર ચેકપોસ્ટ તરફથી આવતી એમ્બ્યુલન્સ કારમાં દારુની હેરાફેરી થતી હોવાની મળેલી બાતમી આધારે ટીમે એમ્બ્યુલન્સ અટકાવી તપાસ કરતા શબપેટીમાંથી વિદેશી દારુ મળી આવ્યો હતો પોલીસે માર્કેટિંગ યાર્ડ પાસે રામ પાર્કમાં રહેતા ડ્રાઈવર જયેશગીરી ગજરાજગીરી ગોસાઈ અને તેની પોપટપરા કૃષ્ણનગરમાં રહેતા ગીરીરાજસિંહ બળદેવસિંહ જાડેજાની ધરપકડ કરી અલગ-અલગ બ્રાન્ડનો દારૂ અને બિયરના ટીન તથા એમ્બ્યુલેન્સ સહીત ૩.૬૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો પ્રાથમિક તપાસમાં આરોપીઓ છેલ્લા બે વર્ષથી એમ્બ્યુલન્સનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે કરતા હતા. દર્દી કે મૃતદેહ લઈ જતી એમ્બ્યુલન્સ પર સામાન્ય રીતે કોઈને શંકા ન જતી હોવાથી તેઓ સરળતાથી ચેકિંગમાંથી પસાર થઈ જતા હતા.

## કણકોટની ગર્વમેન્ટ કોલેજ નજીક બનાવ

# માતા સાથે ફોનમાં વાત કરતા વિદ્યાર્થીને વિજશોક લાગતા મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા કણકોટ ગામે આવેલ ગવમેન્ટ એન્જીનિયરિંગ કોલેજમાં એન્જીનિયરિંગના ૩ વર્ષમાં અભ્યાસ કરતો ૨૦ વર્ષીય વિદ્યાર્થી રાત્રીના સાડા નવેક વાગ્યે હોસ્ટેલની બાલ્કનીમાં ફોન પર વાત કરતો હતો.ત્યારે બાલ્કનીમાં રહેલ લાઈટ પકડતા વિજશોક લાગ્યો હોવાથી મોત નિપજયું હતું. મૂળ બિહારના હાલ વાપીમાં રહેતા ધ્રુવભાઈ મદનમોહન ઝા ઉ.૨૦ નામનો યુવક શહેરની ભાગોળે આવેલ કણકોટ ગવમેન્ટ એન્જીનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં હતો.ત્યારે રાત્રીના સાડા નવેક વાગ્યે બાલ્કીની સ્ટ્રીટ લાઈટ પકડતા વિજશોક લાગ્યો હોવાથી તાકિદે પ્રથમ ડોકટર હાઉસમાં બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા હેડ કોન્સટેબલ કિશન અજાગીયા સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરતા મૃતક રાત્રીના પોતાની માતા સાથે ફોનમાં વાત કરતો હતો.ત્યારે વરસાદના લીધે સ્ટ્રીટ લાઈટ ભીંની હોય જેથી તે પકડતા વિજશોક લાગ્યો હોવાની વાત ફોનમાં માતાને કહી હતી.જેથી તેની માતાએ અન્ય વિદ્યાર્થીને યુવકને વિજશોક લાગ્યો હોવાથી જોવા જવાનું કહેતા તે થાંભલાને ભેટેલો મળ્યો હોય જેથી સારવારમાં લાવતા મોત નિપજયું હતું.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારી સમસ્યા
હવે છુપાશે નહીં!
તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક
લાઈટ બંધ રહે છે?
ગંદુ પાણી આવે છે?
રસ્તા તૂટેલા છે?
ગંદકી અને સફાઈની સમસ્યા છે?
હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!
તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો
અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું
ચૂંટણી હોય કે ન હોય – "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!
WhatsApp કરો:
+91 81409 88883
રાજકોટ
સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી

## એકતારો ફાઉન્ડેશનનો ગૌરવમય કાર્યક્રમ : કોઠારીને મળ્યું સન્માન

# એક 'તારો' મિલન કોઠારી !

### સામાજિક સેવા માટે મહામંડલેશ્વર મહેદ્રાનંદ ગિરીના હસ્તે જૈન વિઝનનાં મિલન કોઠારીને સન્માનિત કરાયા : પદ્મશ્રી હેમંત ચૌહાણની ખાસ ઉપસ્થિતિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



કળા, સાહિત્ય અને સમાજસેવાને પ્રોત્સાહન આપવા માટે એકતારો ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં રાજકોટના આંગણે એક ભવ્ય અને ગરિમાપૂર્ણ 'એકતારો એક્સલન્સ એવોર્ડ-૨૦૨૬' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સામાજિક ક્ષેત્રે વર્ષોથી નિસ્વાર્થ ભાવે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર જૈન વિઝનના સંયોજક અને જાણીતા સામાજિક કાર્યકર મિલન કોઠારીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમાજને નવી દિશા ચીંધનાર આ ગૌરવવંતુ સન્માન પૂજ્ય જગતગુરુ શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહેન્દ્રાનંદ ગિરીજી મહારાજ અને ગુજરાતના પ્રખ્યાત લોકગાયક પદ્મશ્રી હેમંત ચૌહાણના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પદ્મશ્રી હેમંત ચૌહાણની વિશેષ ઉપસ્થિતિ અને તેમના પ્રેરક આશીર્વાદ સૌ ઉપસ્થિત મહેમાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા.

આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકારતી વેળાએ મિલન કોઠારીએ ભાવવિભોર બનીને મંચ પરથી જણાવ્યું હતું કે, "જૈન વિઝન એ માત્ર કોઈ સંસ્થાનું એક નામ નથી, પરંતુ સર્વ સમાજ, સર્વજન હિત અને નિસ્વાર્થ માનવસેવાની ભાવનાથી કાર્યરત એક સામુહિક પ્રયાસ છે. સમાજસેવાના વિવિધ પ્રકલ્પો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સહાય, અબોલ પશુ-પક્ષીઓ માટે જીવદયાના કાર્યો, આપણી સંસ્કૃતિના જતન અને યુવા પેઢીમાં સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા છેવાડાના લોકો સુધી પહોંચવાનો અમારો નમ્ર પ્રયત્ન સતત અને અવિરત ચાલુ છે." તેમણે આ અંગત ગૌરવને સમગ્ર સમાજને અર્પણ કરતા વધુમાં ઉમેર્યું હતું કે, "સામાજિક કાર્ય એ કોઈ એક વ્યક્તિથી શક્ય નથી. તેથી જ આ એવોર્ડ માત્ર મારું વ્યક્તિગત સન્માન નથી, પરંતુ જૈન વિઝન સાથે જોડાયેલા દરેક સેવાભાવી સહયોગી, શુભેચ્છક, મિત્ર અને મારી પડખે ઉભા રહેલા પરિવારજનના અતૂટ વિશ્વાસ અને પરસેવાનું સન્માન છે."

પોતાના આ વિશિષ્ટ સન્માન બદલ મિલન કોઠારીએ કળા અને સાહિત્યને જીવંત રાખવા મથતા સ્ટુડિયો એકતારો, એકતારો ફાઉન્ડેશન અને તેના સંચાલક મયુર હેમંત ચૌહાણ તેમજ હિનાબેન મયુર ચૌહાણનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. આ ભવ્ય સમારોહમાં માત્ર રાજકોટ જ નહીં, પરંતુ રાજ્યભરમાંથી આવેલા અનેક નામાંકિત કલાકારો, લોક ગાયકો અને સામાજિક આગેવાનોને પણ તેમના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન આપવા બદલ શાલ અને સ્મૃતિચિહ્ન રૂપે એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેનાથી અન્ય યુવાનોને પણ પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

આ એવોર્ડ સમારોહમાં રાજકોટ શહેરના અનેક નામાંકિત મહાનુભાવો, શ્રેષ્ઠીઓ અને કલાપ્રેમી જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ સમગ્ર કાર્યક્રમનું અત્યંત સુંદર, રોચક અને સાહિત્યિક શૈલીમાં સંચાલન ચેતસ ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે શ્રોતાઓને અંત સુધી જકડી રાખ્યા હતા. જ્યારે કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને મહેમાનોની આભારવિધિ ગીતાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી અને સમારોહ પૂર્ણ જાહેર કરાયો હતો.

## પડવલાથી ગાઝિયાબાદ મોકલેલો 43.78 લાખનો માલ કંપનીને બદલે બારોબાર ઉતારી દીધો

### » તારાથી થાય તે કરી લે, માલ નહીં મળે" કહી વેપારીને ધમકી : શાપર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

**સિટી ન્યૂઝ@ રાજકોટ**

શાપર વેરાવળ પોલીસ સ્ટેશનની હદમાં પડવલા ગામે આવેલ એમ્પાયર સ્ટીલ ફોર્સ કંપનીમાંથી ગાઝિયાબાદની જય ઓટો પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં મોકલવામાં આવેલો લાખો રૂપિયાનો માલ બારોબાર સગેવગે કરી વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

રાજકોટના ગુર્જર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના માલિક રાજકુમાર દુર્ગાલાલ ગુર્જરે રાજસ્થાનના શાહપુરા ખાતે 'મા લક્ષ્મી એસોસિએટ્સ'ના માલિક જોગેન્દર પ્રભુ દયાલ યાદવ મારફતે ટ્રક નંબર RJ-૫૨ GB૧૦૯૭ માં કુલ ૩૦૩ નંગ પાઈપ જોઈન્ટિંગ લેંગ્સ (કુલ કિંમત ૪૩,૭૮,૦૭૭/-) ગાઝિયાબાદ મોકલ્યા હતા.

ગાઝિયાબાદની કંપનીમાં જગ્યાના અભાવે માલ ખાલી કરવામાં વિલંબ થતાં, આરોપી જોગેન્દર યાદવે પોતાના ડ્રાઈવર મુરલીધર યાદવને પરત બોલાવી આ આખો કિંમતી જથ્થો કંપનીના બદલે બારોબાર પોતાના ઘરે ખાલી કરાવી દીધો હતો. ફરિયાદીએ માલ અંગે પૂછપરછ કરતાં આરોપીએ ઉશ્કેરાઈને ધમકી આપી હતી અને સામેથી વકીલ મારફતે નોટિસ મોકલી હતી. આખરે શાપર વેરાવળ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૧૬(૫) હેઠળ ગુન્હો નોંધી પીએસઆઈ સેજલબેન પંડ્યાને તપાસ સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હડાળાનો શખ્સ 2 કિલો ગાંજા સાથે ઝડપાયો

**સિટી ન્યૂઝ@ રાજકોટ**



સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ અંતર્ગત કડક કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સૂચના અંતર્ગત એસઓજી પીઆઇ એન. બી. ચૌધરીની ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઇ ફિરોઝભાઇ રાઠોડ અને ઇન્દ્રજીતસિંહ જાડેજાને મળેલી બાતમી આધારે કુવાડવા રોડ ડી માર્ટવાળી શેરીમાં દરોડો પાડી એક શખ્સને સકંજામાં લઇ નામ પૂછતાં પોતે હડાળાના પાટિયે રહેતો મોહસીન ઇકબાલભાઇ બુકેરા હોવાનું જણાવ્યું હતું તેની તલાસી લેતાં ૧ લાખ ૪૦૦ રૂપિયાનો ૨ કિલો ૮૨ ગ્રામ ગાંજો મળી આવતા તેના વિરૂધ્ધ બી-ડિવીઝન પોલીસમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવાયો હતો રિક્ષાના ફેરા કરી ગુજરાન ચલાવતો મોહસીન આ ગાંજો વેંચવા માટે લાવ્યો હોવાનું જાણવા મળ્યું છે મૂળ સુધી પહોંચવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. આ સમગ્ર કામગીરી પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ પો.સબ.ઈન્સ. વી.વી.ધ્રાંગુ તથા એ.એસ.આઈ. ઈન્દ્રસિંહ જાડેજા તથા ફિરોજભાઈ રાઠોડ તથા પો.હેડ.કોન્સ. મૌલિકભાઈ સાવલીયા તથા દિગ્વિજર્યાસંહ ગોહિલ તથા હાર્દિસિંહ પરમાર તથા પો.કોન્સ. યોગેન્દ્રસિંહ ઝાલા તથા ડ્રા. પો.કોન્સ. મહાવીરસિંહ જાડેજા તથા ડ્રા. પો.કોન્સ. નિર્મર્તાસંહ જયેન્દ્રસિંહ સહિત એફએસએલ અધિકારીઓની મદદથી સફળતાપૂર્વક પાર પાડી હતી.







### હોસ્ટેલ સંચાલકોની ઘોર બેદરકારી સામે ભારે રોષઃ દીકરીને ન્યાય અપાવવા સમાજ છેક સુધી ખડેપગે રહેશે

# જસદણમાં ભોગ બનેલી આયુષીને આહીર સમાજની અશ્રુભીની શ્રદ્ધાંજલિ

### » રાજકોટમાં ધોધમાર વરસાદ વચ્ચે પણ હજારોની સંખ્યામાં ઉમટી પડ્યો આહીર સમાજઃ "જાણે પ્રકૃતિ પણ રડી પડી"

### » વિવિધ સામાજિક સંગઠનો અને રાજકીય આગેવાનોએ હાજર રહી શોકાતુર પરિવારને આપી હૂંફ અને સાંત્વના

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ ખાતે આવેલી આલ્ફા એકેડેમી હોસ્ટેલના સંચાલકોની કથિત ઘોર બેદરકારીના કારણે ગત તા. ૨૪-૦૬-૨૦૨૬ ના રોજ અકાળે મોતને ભેટેલી આહીર સમાજની ૧૦ વર્ષની આશાસ્પદ દીકરી સ્વ. આયુષી રમેશભાઈ બલદાણીયાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા રાજકોટમાં એક વિશાળ કાર્યક્રમ યોજાયો હતો. તા. ૦૨-૦૭-૨૦૨૬ ના રોજ કોઠારીયા રોડ સ્થિત મારુતિ હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સમગ્ર આહીર સમાજ એકજૂથ થઈને ન્યાયની માંગ સાથે આગળ આવ્યો છે.

એક નિર્દોષ દીકરી ગુમાવવાનું દુખ માત્ર રમેશભાઈના પરિવાર પૂરતું મર્યાદિત ન રહેતા, તે સમગ્ર આહીર સમાજની વેદના બની ગયું છે. શ્રદ્ધાંજલિ સભામાં ધોધમાર વરસાદ વરસતો હોવા છતાં લોકોની બહોળી ઉપસ્થિતિ એ વાતની સાબિતી આપે છે કે સાચા પ્રેમ અને લાગણીને કોઈ પરિસ્થિતિ રોકી શકતી નથી. ઉપસ્થિત લોકોની આંખમાં આંસુ અને બહાર વરસતો વરસાદ જોઈને એવું લાગતું હતું કે જાણે પ્રકૃતિ પણ આ નિર્દોષ દીકરીના મોત પર શોકમાં સહભાગી બનીને આંસુ વરસાવી રહી છે.

પરિવાર પર અચાનક આવી પડેલા આ વજ્રઘાત સમયે સમાજના આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પરિવારને હૂંફ અને સાંત્વના પૂરી પાડી હતી. આ શ્રદ્ધાંજલિ સભા માત્ર શોકસભા ન બની રહેતા, ન્યાયની લડત માટેનો હુંકાર બની હતી. સામાજિક અને રાજકીય આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આહીર સમાજની આશાસ્પદ દીકરી સ્વ. આયુષીના ન્યાય માટે ભવિષ્યમાં જ્યાં પણ જરૂર પડશે ત્યાં સમગ્ર રાજકોટ આહીર સમાજ સતત ખડેપગે રહેશે. સત્યને ન્યાયના દરવાજા સુધી પહોંચાડવા માટે સમાજ પરિવારની સાથે ખભેખભો મિલાવીને ચાલશે.

આ અશ્રુભીની શ્રદ્ધાંજલિ સભામાં રાજકોટ આહીર સમાજ, આહીર સેના ગુજરાત, આહીર સમાજ સમૂહ લગ્ન સમિતિ, આહીર સમાજ કર્મચારી મંડળ, આહીર સમાજ લીગલ ફોરમ, અને આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપના હોદ્દેદારો સહિત સુરત આહીર સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સૌએ અંતમાં પરમ કૃપાળુ ભગવાન શ્રી દ્વારકાધીશને પ્રાર્થના કરી હતી કે સ્વ. આયુષીના પવિત્ર આત્માને પોતાના શ્રીચરણોમાં શાશ્વત સ્થાન આપે અને પરિવારને આ અસહ્ય દુખ સહન કરવાની શક્તિ તથા ધૈર્ય પ્રદાન કરે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે મનપાની કાર્યવાહી

### પાંચ દિવસમાં 148 આસામી પાસેથી રૂ.79,660નો દંડ વસૂલ : 12.3 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત; શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા RMCની ઝુંબેશ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ શહેરને પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ બનાવવા માટે તા. ૨૯ જૂનથી ૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત સિંગલ-યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ, વેચાણ અને સંગ્રહ સામે તેમજ જાહેરમાં ગંદકી ફેલાવતા આસામીઓ સામે સઘન કાર્યવાહી હાથ ધરી હતી.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અંતર્ગત હાથ ધરાયેલી આ ઝુંબેશ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૨.૩ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. તેમજ નિયમોનો ભંગ કરનાર કુલ ૧૪૮ આસામીઓ પાસેથી રૂ.૭૯,૬૬૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર, ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરો તેમજ સેનિટેશન વિભાગની ટીમોએ સંયુક્ત રીતે આ કામગીરી હાથ ધરી હતી. રાજકોટ મહાનગરપાલિકાએ નાગરિકો અને વેપારીઓને અપીલ કરી છે કે તેઓ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરી કાપડની થેલીઓનો ઉપયોગ કરે. ભવિષ્યમાં પણ નિયમોનો



ભંગ કરનાર સામે દંડ અને જપ્તીની કાર્યવાહી યથાવત્ ચાલુ રહેશે.




### ગર્લ્સ ફૂટબોલમાં ત્રણ ટીમોએ શાનદાર ચેમ્પિયનશિપ જીતી

# જીનીયસ સ્કૂલ-એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર કપ ફૂટબોલ ટુર્નામેન્ટનો ભવ્ય સમાપન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં જીનીયસ સ્કૂલ, એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર કંપની અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઓપન રાજકોટ અંડર-૧૪, અંડર-૧૭ અને સિનિયર ગર્લ્સ ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬નું રેલવે લોકો કોલોની ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય અને ઉત્સાહભેર સમાપન થયું હતું. જીનીયસ સ્કૂલ-એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર કપ નામે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં શહેરની વિવિધ પ્રતિભાશાળી ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતપ્રેમીઓને રોમાંચિત કર્યા હતા. અંડર-૧૪ કેટેગરીમાં DLSS જય ઈન્ટરનેશનલ સ્કૂલે ફાઈનલ મુકાબલામાં વાયસીસીને ૧-૦થી હરાવી ચેમ્પિયનશિપ પોતાના નામે કરી હતી. અંડર-૧૭ કેટેગરીમાં નિર્મલા સ્કૂલે ઉત્તમ પ્રદર્શન સાથે વાયસીસીને ૩-૧થી પરાજય આપી વિજેતા ટ્રોફી જીતી હતી. જ્યારે સિનિયર ગર્લ્સ કેટેગરીમાં માસ્ટર FCએ FC રાજકોટ સામે ૪-૦થી એકતરફી જીત મેળવી ચેમ્પિયનશિપ કબજે કરી હતી.

**» અંડર–14માં DLSS જય ઈન્ટરનેશનલ, અંડર–17માં નિર્મલા સ્કૂલ અને સિનિયર કેટેગરીમાં માસ્ટર FCનો દબદબો**

ટુર્નામેન્ટને સફળ બનાવવા જીનીયસ સ્કૂલના ડી.વી. મહેતા તથા એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર કંપનીના ઉસ્માનભાઈ બેલીમનો મહત્વપૂર્ણ અને પ્રશંસનીય સહયોગ રહ્યો હતો. ગ્રાઉન્ડ વ્યવસ્થા માટે અમિત સિયાળીયા, ભરત સિયાળીયા, એચ.પી. સિંગ અને વાયસીસી ક્લબનો પણ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્રણે કેટેગરી માટે મનદીપસિંહ બારડ અને આશિષ ગુરુંગે સિલેક્ટર તરીકે મહત્વપૂર્ણ સેવા આપી હતી. રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, બી.કે. જાડેજા, સેક્રેટરી રોહિત બુંદેલા, જીવનસિંહ બારડ, અમૃતલાલ બૌરાસી, દિપક યશવંતે, કિર્તિ દવે, જગદીપ વ્યાસ સહિતના હોદ્દેદારો અને સભ્યોએ ટુર્નામેન્ટને સફળ બનાવવા નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

### સ્ક્રેપ વાહનોના વેચાણમાં પારદર્શિતા

# સ્ક્રેપ વાહનોની E-Auctionમાં જોડાવા સ્થાનિક વેપારીઓને નોંધણી કરવા RMCનું આહવાન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાએ સ્ક્રેપ જાહેર થયેલા સરકારી વાહનોના વેચાણ માટે યોજાતી E-Auction પ્રક્રિયામાં સ્થાનિક વેપારીઓ વધુમાં વધુ સંખ્યામાં જોડાય તે માટે જરૂરી નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવા અપીલ કરી છે.

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૩ના પરિપત્ર મુજબ સરકારી સ્ક્રેપ વાહનોનું વેચાણ હવે સંપૂર્ણપણે E-Auction પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. તે મુજબ રાજકોટ મહાનગરપાલિકા પણ પોતાના સ્ક્રેપ વાહનોનું વેચાણ ઓનલાઈન હરાજીથી કરી રહી છે.

સરકારની જોગવાઈ મુજબ E-Auctionમાં માત્ર માન્ય Registered Vehicle Scrapping Facility (RVSF) સાથે સંકળાયેલા પાત્ર ખરીદદારોને જ ભાગ લેવાની મંજૂરી આપવામાં આવે છે. તેથી સ્ક્રેપ વાહનોના વ્યવસાય સાથે સંકળાયેલા સ્થાનિક વેપારીઓએ સમયસર જરૂરી નોંધણી અને અન્ય ઔપચારિક પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

**સરકારની નવી વ્યવસ્થા મુજબ માત્ર RVSF સાથે સંકળાયેલા પાત્ર ખરીદદારોને જ મળશે ભાગ લેવાની તક**

મેયર ડૉ. નેહલ શુકલ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા તથા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સંયુક્ત અપીલમાં જણાવ્યું છે કે, સરકારની પારદર્શક અને ડિજિટલ વ્યવસ્થાનો સ્થાનિક વેપારીઓ વધુમાં વધુ લાભ લે તેમજ સ્ક્રેપ વાહનોના વેચાણમાં બહોળી સ્પર્ધા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે વેપારીઓએ E-Auction પ્રક્રિયામાં સક્રિયપણે જોડાવું જોઈએ.

E-Auctionમાં ભાગ લેવા માટેની નોંધણી અને અન્ય પ્રક્રિયા અંગે વધુ માહિતી માટે વેપારીઓ રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ વર્કશોપ વિભાગ, ભાવનગર રોડ, રાજકોટનો સંપર્ક કરી શકે છે.

# અરુણાચલના રાજ્યસભા સાંસદ તાઈ ટાગકે તેજસ ગોરસીયાનું સન્માન કર્યું

**અરુણાચલ હાઉસમાં બેઠક દરમિયાન હિન્દુ રાષ્ટ્રની વિચારધારા પર ચર્ચા; ગુજરાતના કાર્યક્રમમાં ઉપસ્થિતિની વ્યક્ત કરી તૈયારી**



સિટી ન્યૂઝ@નવી દિલ્હી

નવી દિલ્હીના અરુણાચલ હાઉસ ખાતે અરુણાચલ પ્રદેશના નવનિયુક્ત રાજ્યસભા સાંસદ તાઈ ટાગક અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ ભાજપના કાર્યકર તેજસ ગોરસીયા વચ્ચે સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. આ પ્રસંગે તાઈ ટાગકે તેજસ ગોરસીયાનું સન્માન કર્યું હતું.

બેઠક દરમિયાન હિન્દુ રાષ્ટ્રની વિચારધારા, અરુણાચલ પ્રદેશના લોકોના સાંસ્કૃતિક મૂલ્યો અને રાષ્ટ્રીય વિચારધારાને લઈને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે તેજસ ગોરસીયાએ જણાવ્યું હતું કે તાઈ ટાગક પાયાના કાર્યકર તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘથી જાહેર જીવનની શરૂઆત કરી અનેક મહત્વપૂર્ણ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂક્યા છે. અરુણાચલ પ્રદેશમાં ભાજપની સરકાર રચવામાં પણ તેમનો મહત્વનો ફાળો રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તાઈ ટાગક સંઘમાં કાર્યવાહ, ભાજપના પ્રદેશ મહામંત્રી, પ્રદેશ અધ્યક્ષ તેમજ મુખ્યમંત્રીના સલાહકાર તરીકે પણ કામગીરી કરી ચૂક્યા છે. ભાજપના કાર્યકરો માટે તેમનું જીવન અને કાર્યશૈલી પ્રેરણારૂપ અને ઉત્તમ ઉદાહરણ સમાન છે.

તેજસ ગોરસીયાએ જણાવ્યું હતું કે આગામી સમયમાં ગુજરાતમાં યોજાનારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘના કાર્યક્રમમાં પણ તાઈ ટાગક ઉપસ્થિત રહેશે.

# સમગ્ર વિશ્વમાં હિન્દુ દર્શનનો ધ્વજ લહેરાવનાર સ્વામી વિવેકાનંદને ભાવાંજલિ

## શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં ભારતના આધ્યાત્મિક વૈભવનો ડંકો વગાડનાર મહાપુરુષનું ૪ જુલાઈએ સ્મરણ



ગર્વ સે કહો હમ હિન્દુ હે - સ્વામી વિવેકાનંદ

જયેશ સંઘાણી
9428200520

સ્વામી વિવેકાનંદનું આજરોજ ૪ જુલાઈ ૧૯૦૨ ના રોજ અવસાન થયું હતું. તેમની પુણ્યતિથિ નિમિત્તે હાર્દિક શ્રદ્ધાસુમન. સમગ્ર વિશ્વને ભારતની શક્તિ અને સામર્થ્યનો સંદેશો આપનાર, અમેરિકાના શિકાગોમાં ધર્મ સભામાં હિન્દુ ધર્મનો ડંકો વગાડનાર અને "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો" નો તેમનો સંદેશો વિશ્વના યુવાનો માટે પ્રેરણારૂપ રહ્યો હતો.

સ્વામી વિવેકાનંદજીનો જન્મ પોષ સાતમ, સોમવારે મકરસંક્રાંતિના દિવસે ૧૨ જાન્યુઆરી ૧૮૬૩ ના રોજ કલકત્તામાં થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથ અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું.

તેમની માતા ભુવનેશ્વરીદેવીએ નરેન્દ્રને પ્રારંભિક શિક્ષણ આપ્યું. રામાયણમહાભારતની કથાઓ સાથે બંગાળી લિપિ શીખવાડી અને અંગ્રેજી ભાષાથી પણ નરેન્દ્રને વાકેફ કર્યો. છ વર્ષની વયે ૧૮૬૯માં પાઠશાળામાં ભણવા મોકલ્યો; પરંતુ ત્યાંનું વાતાવરણ નરેન્દ્રને માફક ન આવ્યું. વળી નરેન્દ્ર રમતિયાળ પણ ખૂબ હતો. પિતાએ પાઠશાળાના બદલે ઘરે જ શિક્ષકને ભણાવવા રોક્યા. નરેન્દ્રની તીવ્ર બુદ્ધિ અને ગ્રહણશક્તિના કારણે સાત વર્ષની વયે તો એણે મુગ્ધબોધ નામક સંસ્કૃત વ્યાકરણ શીખી લીધું. વળી રામાયણનો કેટલોક ભાગ તો કંઠસ્થ કરી લીધો હતો. એને રાજાની રમત ખૂબ ગમતી. એ કાયમ રાજા જ બનતો અને સત્તા ભોગવતો!

નરેન્દ્રને પદ્ધતિસરનું શિક્ષણ મળે તે માટે ઈ.સ. ૧૮૭૧માં પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની મેટ્રોપૉલિટન ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ કરવામાં આવ્યો અને એની શિક્ષણગતિ ચાલી. એની અસાધારણ બુદ્ધિથી ત્યાંના શિક્ષકો પ્રભાવિત થયા હતા. રમત સાથે સાધુ-સંન્યાસી તરફ એ અહોભાવથી જોતો. ત્યારે કોઈ જ્યોતિષીએ નરેન્દ્રનાથ સંન્યાસી બનશે તેવું ભવિષ્ય ભાખ્યું હતું.

વિલક્ષણ અને વિચક્ષણ વ્યક્તિત્વ ધરાવતા સ્વામી વિવેકાનંદ ઓગણીસમી સદીના ક્રાન્તિકારી આધ્યાત્મિક પુરુષ હતા. નરેન્દ્રનાથ વહેમમાં ન માનતા. કોઈથી ડરતા નહિ. વ્યાયામ પ્રત્યે એમને રુચિ હતી. ૧૮૭૭માં પિતાએ મધ્યપ્રદેશના રાયપુરમાં નિવાસ કર્યો ત્યારે પિતાથી વિશેષ પરિચિત થયા અને પિતા પણ પુત્રની બુદ્ધિથી વાકેફ થયા. એ ઉમદા પિતાએ નરેન્દ્રનાથનું ઘડતર કર્યું. વળી પિતા કોલકાતા પાછા આવ્યા. ત્યાં એમણે અંગ્રેજીબંગાળી સાહિત્યનું વાંચન કર્યું અને ઈતિહાસનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. ૧૮૭૯માં પ્રાવેશિક પરીક્ષા પાસ કરી.

ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા. એક વર્ષ પછી સ્કૉટિશ જનરલ મિશનરી બોર્ડે સ્થાપેલી સંસ્થામાં જોડાયા (હાલ સ્કૉટિશ ચર્ચ કૉલેજ). રાતદિવસ વાંચતા રહ્યા અને આધ્યાત્મિક વૃત્તિ જાગેલી; એથી ધ્યાનમાં બેસતા. આ પરિશ્રમથી એમની તબિયત લથડી. ૧૮૮૧માં ફર્સ્ટ આર્ટ્સની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી. એ જ વર્ષે નવેમ્બર માસમાં શ્રી રામકૃષ્ણ પરમહંસને મળવાનું થયેલું.

ઈશ્વરદર્શનની ઈચ્છા તીવ્ર બનવા માંડી. મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરને મળ્યા; પરંતુ સંતોષકારક ઉત્તર ન મળ્યો, ત્યારે એમને શ્રી રામકૃષ્ણ પરમહંસનું સ્મરણ થયું અને દક્ષિણેશ્વર જવાનો નિર્ણય કર્યો.

૧૮૮૪માં સ્નાતક થયા. એ પછી તરત એમના પિતાનું અવસાન થયું. કુટુંબ આર્થિક રીતે સંકડામણમાં આવી ગયું. જીવનનિર્વાહ ચલાવવાનું કપરું બન્યું. નરેન્દ્રનાથ શિક્ષક બન્યા. વકીલને ત્યાં નોકરી કરી. અનુવાદ કરીને આજીવિકા મેળવી; પરંતુ આપત્તિઓમાં વૃદ્ધિ જ થતી રહી. આ કપરા કાળમાં નરેન્દ્રનાથ ગુરુ પાસે ગયા, ત્યારે જે અનુભૂતિ થયેલી તે એમના જીવનનો વળાંક હતો.

શ્રી રામકૃષ્ણની છાયામાં એમના આધ્યાત્મિક વ્યક્તિત્વની ગતિને વેગ મળ્યો. ૧૮૮૬ની ૧૬ ઑગસ્ટે શ્રી રામકૃષ્ણે જીવનલીલા સંકેલી લીધી. વરાહનગર મઠમાં જે યુવકોએ વિધિપૂર્વક વિરજાહોમ કર્યો તેમાં નરેન્દ્રનાથ પણ એક હતા. હવે એમણે સંસારી નામ ત્યાગીને સંન્યાસીનાં નામો ધારણ કર્યાં હતાં. નરેન્દ્રનાથે ત્યારે વિવેકાનંદ નામ ધારણ કરેલું.

વિવેકાનંદ બન્યા પછી એમણે ભારતનું ભ્રમણ કર્યું. કન્યાકુમારીના સાગરકાંઠે જે શિલા પર વિવેકાનંદને દર્શન થયું તે શિલા આજે વિવેકાનંદ રૉક તરીકે ઓળખાય છે. દેશબાંધવોનાં દુ:ખ-નિવારણ માટે એમણે દેશભક્તિમાં સંન્યાસ જોયો અને સંન્યાસમાં દેશભક્તિ જોઈ.

૩૧ મે, ૧૮૯૩માં અમેરિકા જવા રવાના થયા. ૧૮૯૩ની ૧૧ સપ્ટેમ્બરના રોજ વિશ્વ ધર્મ પરિષદનું ઉદઘાટન થયું. એમણે કરેલું સંબોધન "બહેનો અને ભાઈઓ" સહુને આકર્ષી ગયું. એમણે કહેલું: મને ગર્વ થાય છે કે હું એક એવા રાષ્ટ્રનો પ્રતિનિધિ છું કે જેણે જુલમનો ભોગ બનેલા તથા નિરાશ્રિત થયેલા પૃથ્વીના તમામ ધર્મો અને દેશોના લોકોને આશ્રય આપ્યો છે.

એમણે અમેરિકા અને યુરોપમાં અનેક વ્યાખ્યાનો આપીને હિન્દુ ધર્મની ભવ્યતા ઉજાગર કરી.

ઈતિહાસ સાક્ષી છે કે કોંગ્રેસના અધિવેશનમાં મુસ્લિમ તૃષ્ટિકરણ કરીને પણ અપૂર્ણ સ્વરાજ લેવાની વાત કરેલી. એ બધા આજે હિન્દુ હિંસક હોવાની વાત કરે છે, એ સંયોગ નથી પણ હિન્દુઓને નેસ્તનાબૂદ કરવાનો પ્રયોગ છે. ત્યારે પુન એક વાર સ્વામીજી વિવેકાનંદજીની વાતનો પુન ઉચ્ચાર કરવો રહ્યો કે સર્વ ધર્મના મૂળમાં હિન્દુ ધર્મ છે.

હિન્દુ રાષ્ટ્રનું અને હિન્દુ હોવાનું ગૌરવ જેમને પોતાના પરાક્રમથી સ્થાપિત કર્યું એવા રાજાઓમાં શિવાજી મહારાજ, મહારાણા પ્રતાપ શિરમોર ગણાય છે. જ્યારે ભારત માતાને ગુલામોની બેડીમાંથી છોડાવવા માટે સુભાષચંદ્ર બોઝ, સ્વાતંત્ર્ય વીર સાવરકર, લાલ-બાલ-પાલ, ભગતસિંહ, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડોક્ટર આંબેડકર, ડોક્ટર હેડગેવાર વગેરે અનેક ક્રાંતિકારીઓએ પ્રયાસો કર્યા.

૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જયંતિ અને રાષ્ટ્રીય યુવા દિન તરીકે પૂરા ભારતમાં ઉજવાય છે.

૧૮૯૯માં બેલૂર મઠની સ્થાપના અને ૧૯૦૧માં ટ્રસ્ટની રચના કરી. આજીવન કર્મમાં મગ્ન સ્વામી વિવેકાનંદનું ૪ જુલાઈ, ૧૯૦૨ના રોજ અવસાન થયું. ભૌતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિકતાનો સમન્વય સાધવો એ એમનો આદર્શ હતો. તેમનું સૂત્ર હતું "उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत" (ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો).



# શનિવારે બાલાજી હનુમાનજીને ફૂલોનો દિવ્ય શણગાર

## અલૌકિક દર્શન માટે ભક્તોની ભારે ભીડ, મંદિર 'જય બાલાજી'ના જયઘોષથી ગુંજ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ભૂપેન્દ્ર રોડ સ્થિત કરણસિંહજી હાઈસ્કૂલ નજીક આવેલા શ્રી બાલાજી હનુમાનજી મંદિરે શનિવારના પાવન અવસરે દાદાને તાજા અને સુગંધિત ફૂલોથી ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સોનેરી સિંહાસન પર વિવિધ રંગોના પુષ્પોથી સજાવાયેલી બાલાજી હનુમાનજીની મનોહર ઝાંખીએ ભક્તોને ભાવવિભોર કરી દીધા હતા.

દિવ્ય શણગારના દર્શન માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિરે ઉમટી પડ્યા હતા. સમગ્ર મંદિર પરિસર 'જય બાલાજી' અને 'જય બજરંગ બલી'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ દાદાના દર્શન કરી સુખ-સમૃદ્ધિ અને કલ્યાણની પ્રાર્થના કરી હતી. આ વિશેષ શણગાર દર્શનનું આયોજન મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી તથા કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન અને નિશ્રા હેઠળ કરવામાં આવ્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને શાંતિપૂર્ણ રીતે દર્શનનો લાભ મળે તે માટે જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજના ઉપપ્રમુખ અશ્વિન પટેલનો જન્મદિવસ

**» સેવાકીય અને સામાજિક ક્ષેત્રે ચાર દાયકાથી વધુ સમયથી સક્રિય યોગદાન**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જસદણના વતની અને ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ, મુંબઈના ઉપપ્રમુખ અશ્વિનભાઈ ચંદુભાઈ પટેલ ૫ જુલાઈએ જીવનના ૭૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. છેલ્લા ૩૬ વર્ષથી તેઓ વિવિધ સેવાકીય અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈ સમાજસેવામાં સક્રિય યોગદાન આપી રહ્યા છે.



અશ્વિનભાઈ પટેલે રાજકોટને કર્મભૂમિ બનાવી ૧૯૭૧માં કિરીટ એન્જિનિયરિંગ કોર્પોરેશન અને બાદમાં ગીતા એન્જિનિયરિંગ કોર્પોરેશનની સ્થાપના કરી હતી. હાલમાં તેઓ માય GEC V-Belt & Hardware Pvt. Ltd.નું સફળતાપૂર્વક નેતૃત્વ કરી રહ્યા છે.

તેઓ ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ, મુંબઈના ઉપપ્રમુખ ઉપરાંત ભાડલા વૈષ્ણવ સમાજ, રાજકોટ, ત્રિમૂર્તિ ચેરિટેબલ ટ્રસ્ટ, લાફિંગ ક્લબ ગ્રુપ, સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટ સહિત અનેક સામાજિક અને સેવાકીય સંસ્થાઓમાં હોદ્દેદાર તથા સભ્ય તરીકે કાર્યરત છે. અગાઉ પણ ૧૯થી વધુ સંસ્થાઓમાં જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે.

સમાજસેવાના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ તેમને 'જ્ઞાતિ સેવા રત્ન' અને 'જ્ઞાતિ સેવા સમર્પણ રત્ન' સહિત ૨૧થી વધુ સન્માનો પ્રાપ્ત થયા છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છકો, સમાજના આગેવાનો અને મિત્રો દ્વારા મોબાઈલ તેમજ સોશિયલ મીડિયા મારફતે શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# આહીર સમાજનાં યુવા અગ્રણી વિક્રમભાઈ બોરીચાનો કાલે જન્મદિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આહીર સમાજનાં યુવા અગ્રણી ABYM નાં શહેર પ્રમુખ વિક્રમભાઈ બોરીચા નો આજે તારીખ ૫ જુલાઈ ના રોજ જન્મદિવસ છે. તેઓ હંમેશા સામાજિક તેમજ સેવાકીય કર્યો માં મોખરે હોય છે. તેઓ નાની ઉમર માં હિન્દી ફિલ્મ 'મક્કડ જાલ' માં પણ પ્રોડકશન હેડ તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વિક્રમભાઈ સમાજિક કામમાં હમેશા મોખરે હોય છે તે આહીર સમાજ ના આગવું સ્થાન ધરાવે છે તે વિદ્યાર્થી સેના માં પ્રમુખ પણ રહી ચૂક્યા છે. હાલ માં તે VB Digital કંપની નાં માલિક અને રંગીલું સિટી રાજકોટ પેજ ના ફાઉન્ડર તેમજ ચાંદની ન્યુઝ ચેનલ માં ચેનલ હેડ તરીકે પણ ફરજ બજાવી રહ્યા છે.
તેઓ પ્રગતિશીલ જીવનના ૩૭ માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે.



આ પ્રસંગે વિક્રમભાઈ બોરીચા ને (મો.8866882700) પર સ્નેહીજનો તેમજ તેમના મિત્રો તરફ થી ફેસબૂક તેમજ વોટ્સઅપ પર શુભેચ્છાઓ નો વરસાદ થઈ રહ્યો છે.